RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 65* Date: 24.12.2022, Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ચીનની ભયાનક હાલત, ચાલુ ક્લાસે બાળકોને બાટલા ચડાવાઈ રહ્યા છે

## છેલ્લા ૨૪ કલાકમાં અમેરિકામાં ૨૮૯ લોકોનાં મોત થયાં છે, જ્યારે જાપાનમાં કોરોનાથી ૩૩૯ લોકોનાં મોત થયાં છે, બ્રાઝિલમાં ૧૬૫ લોકોનાં મોત થયાં છે.



બીજીંગ,તા.૨૩

ચીનમાં કોરોનાને કારણે સ્થિતિ વધુ ખરાબ થઈ રહી છે. લંડનસ્થિત ગ્લોબલ હેલ્થ ઈન્ટેલિજન્સ કંપની એરફિનિટીનું કહેવું છે કે ચીનમાં દરરોજ ૧૦ લાખ કોરોના દર્દીઓ સામે આવી રહ્યા છે તેમજ ૨૪ કલાકમાં ૫ હજાર મોત થયા છે. જો આવી જ સ્થિતિ રહેશે તો જાન્યુઆરીમાં દૈનિક કેસ વધીને ૩૭ લાખ પર પહોંચી જશે, જ્યારે માર્ચમાં આ આંકડો ૪૨ લાખ હશે.

ચીન અને ચીનની કમ્યુનિસ્ટ પાર્ટી પર નજર રાખતી હ્યુમન રાઈટ એક્ટિવિસ્ટ જેનિફર ઝેંગે કેટલાક વીડિયો પોસ્ટ કર્યા છે. જેમાં એક વીડિયોમાં એવું નજરે પડી રહ્યું છે કે ક્લાસમાં અભ્યાસ કરતી વખતે પણ બાળકોને બોટલ ચઢાવવામાં આવી રહી છે કારણ કે તેમને સંક્રમણ લાગ્યું છે. જ્યારે અન્ય એક વીડિયોમાં સ્મશાનગૃહમાં લાંબી કતાર જોવા મળી રહી છે. જાણવા મળી રહ્યું છે કે સ્મશાનગૃહોમાં અંતિમ સંસ્કાર માટે ૨૦ દિવસનું વેઈટિંગ છે.જોકે ચીનના સત્તાવાર આંકડાઓમાં બુધવારે માત્ર ૨ હજાર ૯૬૬ નવા કેસ અને ૧૦ લોકોનાં મોત નોંધાયાં છે. આ પહેલાં એરફિનિટીએ પોતાના અનુમાનમાં જણાવવામાં આવ્યું હતું કે ચીનમાં ઝીરો કોવિડ પોલિસી ખતમ થયા બાદ ૨૧ લાખ લોકોનાં મોત થઈ શકે છે.

વિશ્વભરમાં કોરોનાના કેસ ઝડપથી વધી રહ્યા છે. કોરોનાના ડેટા પર નજર રાખતી સંસ્થા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં વિશ્વમાં કોરોનાના ૪.૯૨ લાખ કેસ નોંધાયા છે તેમજ કોરોનાને કારણે ૧૩૭૪ લોકોનાં મોત થયાં છે. જાપાનમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ ૧.૮૪ લાખ કેસ નોંધાયા છે. જ્યારે અમેરિકામાં ૪૩૨૬૩, ફ્રાન્સમાં ૪૯૫૧૭, બ્રાઝિલમાં ૪૩૩૯૨, દક્ષિણ કોરિયામાં ૭૫૭૪૪ કેસ મળી આવ્યા છે.છેલ્લા ૨૪ કલાકમાં અમેરિકામાં ૨૮૯ લોકોનાં મોત થયાં છે, જ્યારે જાપાનમાં કોરોનાથી ૩૩૯ લોકોનાં મોત થયાં છે, બ્રાઝિલમાં ૧૬૫ લોકોનાં મોત થયાં છે.ચીનના યુનાન પ્રાંતમાં મ્યાનમારને અડીને આવેલા રુઈલી શહેરની સરહદ પર મોશન સેન્સર અને ઈલેક્ટ્રીફાઈડ ફેન્સીંગ લગાવવામાં આવી છે.

ચીન બાદ જાપાનમાં કોરોનાનું જોખમ વધી ગયું છે. જાપાન ટાઈમ્સના અહેવાલ મુજબ, અહીં ૮મી લહેર આવી ગઈ છે અને ઓમિક્રોન વેરિયન્ટને કારણે છે, બાળકો મૃત્યુ પામી રહ્યાં છે. ૮ મહિનામાં ૪૧ બાળકોએ જીવ ગુમાવ્યો છે. ચીનમાં બગડતી પરિસ્થિતિએ જાપાનની ચિંતા વધારી દીધી છે.નિષ્ણાતોનું કહેવું છે કે ઓમિક્રોનનું નવું વેરિયન્ટ જીવલેણ સાબિત થઈ શકે છે. ઓમિક્રોન અત્યારસુધીમાં ૪૧ બાળકના જીવ લઈ ચૂક્યો છે. આમાંથી ૧૫ બાળક પહેલેથી બીમાર હતાં. આ ૧૫માંથી ૪ બાળક એક વર્ષથી નાની વયનાં હતાં. ૨ બાળક ૧થી ૪ વર્ષની વયનાં હતાં અને ૯ બાળક ૫ વર્ષ કરતાં વધુ ઉંમરનાં હતાં. જાપાન ટાઈમ્સના અહેવાલ મુજબ, મૃત્યુ પામેલાં અડધાથી વધુ બાળકો પહેલાંથી જ સ્વસ્થ હતાં અને તેમનામાં કોરોનાનાં કોઈ લક્ષણો નહોતાં.

ચીનની હોસ્પિટલોમાં બેડ ઓછાં પડી રહ્યાં છે. સામૂહિક અંતિમસંસ્કાર કરવામાં આવી રહ્યા છે. આ દરમિયાન સરકારે ફરી એકવાર સરહદ સીલ કરવાનું શરૂ કરી દીધું છે. યુનાન પ્રાંતમાં મ્યાનમારની સરહદે આવેલા રુઈલી શહેરમાં બોર્ડર ક્રોસિંગ પર નજર રાખવા માટે કેમેરા અને એલાર્મ લગાવવામાં આવ્યા છે. માત્ર એટલું જ નહીં, મોશન સેન્સર અને ઈલેક્ટ્રિફાઈડ ફેન્સિંગ પણ લગાવવામાં આવી છે.૨૦૨૧માં પણ ચીને સરહદો સીલ કરી દીધી હતી. અન્ય દેશોમાંથી ગેરકાયદે રીતે આવતા લોકોને રોકવા માટે બોર્ડર પેટ્રોલિંગ વધારવામાં આવ્યું છે. રશિયા સરહદથી જોડાયેલું શહેર હીયેમાં કોવિડ માટે જવાબદાર લોકો વિશે માહિતી આપનારી વ્યક્તિને ૧૫ લાખ સુધીના ઈનામની જાહેરાત કરવામાં આવી હતી.

વિદેશથી ચીન પરત ફરેલા નાગરિકે કહ્યું- મને ત્રણ વર્ષમાં કોરોના નથી થયો પરંતુ, થોડા દિવસ પહેલા હું બહારથી પાછો આવ્યો અને સંક્રમણ લાગ્યું. વિશ્વાસ નથી થતો કે વાયરસ આટલી ઝડપથી ફેલાઈ રહ્યો છે. હું જાણું છું તે દરેકને કોરોનાને કારણે તાવ આવી રહ્યો છે. જો તમે ચીનની બહાર રહેતા હોવ તો ત્યાં જ રહો, અત્યારે દેશમાં પાછા ન ફરો. અમેરિકામાં પણ ઓમિક્રોન વેરિયન્ટ લોકો માટે મુશ્કેલીઓ ઊભી કરી રહ્યું છે. જોન્સ હોપકિન્સ યુનિવર્સિટીના એક અહેવાલ મુજબ, મહામારીની શરૂઆતથી અત્યારસુધીમાં અમેરિકામાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૦ કરોડને પાર થઈ ગઈ છે. અહીં ઓમિક્રોનના નવા સબ-વેરિયન્ટ્સને ૭૦% કોરોના કેસોનું મુખ્ય કારણ માનવામાં આવે છે.

### આરએરએસ પહેલીવાર દિલ્હીમાં ક્રિસમસ ડિનર કરશે

# કાશ્મીરથી કેરળ સુધીના ચર્ચના વડાઓ આવશે; સંઘ-ભાજપથી અંતર રાખવું હિતાવહ નથી

## જમ્મુ-કાશ્મીર... ખ્રિસ્તી પ્રતિનિધિઓને આમંત્રણ આપીને મોટો દાવ લગાવ્યો છે

નવીદિલ્હી,તા.૨૩

સંઘ પરિવાર ખ્રિસ્તી સમુદાયને જોડવાના પ્રયાસો કરી રહ્યું છે. હવે પહેલીવાર કેન્દ્રીય લઘુમતી બાબતોના રાજ્યમંત્રી જોન બાર્લા શુક્રવારે દિલ્હીના મેઘાલય હાઉસમાં ક્રિસમસ ડિનરનું આયોજન કરશે. ઈજીજી સાથે જોડાયેલા નેશનલ ક્રિશ્ચિયન ફોરમના આ કાર્યક્રમમાં જમ્મુ-કાશ્મીરથી કેરળ સુધીના ચર્ચના વડાઓ ભાગ લેશે. ઈજીજીના વરિષ્ઠ નેતા ઈન્દ્રેશ કુમાર પણ આ કાર્યક્રમમાં હાજરી આપે એવી શક્યતા છે. આવું પહેલીવાર થશે, જ્યારે રાષ્ટ્રીય ખ્રિસ્તી મંચની તરફથી ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશના ચર્ચ પ્રમુખોને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે, જ્યાં છેલ્લા થોડા સમયથી પાદરીઓ, ચર્ચો અને ખ્રિસ્તીઓના અમુક સંસ્થાઓમાં હુમલાની ઘટનાઓ સામે આવી છે.

ભાજપના નેતાઓ માને છે કે ચર્ચ અને ચર્ચના વડાઓએ પણ રાજકીય રીતે તટસ્થ રહેવું જોઈએ. ખ્રિસ્તી સમુદાયનું એમ પણ કહેવું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બીજી વખત મોટી જીત પછી આરએરએસ અને ભાજપ સાથે અંતર રાખવું યોગ્ય નથી. આરએસએસ પરિવારે ચર્ચના વડાઓને વોટ બેંકની રાજનીતિનો હિસ્સો ન બનવા જણાવ્યું છે.

જમ્મુ-કાશ્મીરના ખ્રિસ્તી પ્રતિનિધિઓને આમંત્રણ આપવામાં આવ્યું છે. કાશ્મીરમાં મુસ્લિમ બહુમતી વસતિને ધ્યાનમાં રાખીને તેને ઈજીજીનો મોટો રાજકીય દાવ પણ માનવામાં આવી રહ્યો છે. ૨૦૧૧ની વસતિ ગણતરીના આંકડા પ્રમાણે, જમ્મુ-કાશ્મીરમાં અંદાજે ૧.૨૫ કરોડની વસતિમાં અંદાજે ૩૬ હજાર ખ્રિસ્તીઓ છે. કેરળની ૩.૫ કરોડની વસતિમાંથી લગભગ ૧૮% ખ્રિસ્તી મતદારો છે. ભાજપ આ રાજ્યમાં પોતાનો દબદબો વધારવાનો પ્રયાસ કરી રહી છે. ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપને અહીં ૧૧.૩ ટકા વોટ મળ્યા હતા. જ્યારે ૨૦૧૬ની વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીને ૧૦.૫૩ ટકા વોટ મળ્યા હતા.

અહીં ૭૦% વસતિ ખ્રિસ્તીઓની છે. આ રાજ્યોમાં ભાજપ પોતાના દમ પર સરકાર બનાવવાનો પ્રયાસ કરી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં પૂર્વોત્તરની ધર્મસભાઓમાં તેમના ભાષણમાં ખ્રિસ્તી નેતા પોપ ફ્રાન્સિસની ભારતની પ્રસ્તાવિત મુલાકાતનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો.ભાજપે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીની તૈયારીઓ માટે ૨૦૪ નબળી બેઠકોની ઓળખ કરી છે. ૨૮-૨૯ ડિસેમ્બરે હૈદરાબાદમાં તેમને કેવી રીતે જીતવું એ વિશે રણનીતિ નક્કી કરવામાં આવશે. બિહારમાં ૨૧-૨૨ ડિસેમ્બરે યોજાનારી બીજી બેઠકમાં રાજ્યની ૪૦ લોકસભા બેઠકોની સમીક્ષા કરવામાં આવશે. અહીં ૪૦માંથી ૨૨ બેઠકો સામાજિક અને જ્ઞાતિ સમીકરણની દૃષ્ટિએ નબળી શ્રેણીની માનવામાં આવે છે. આ સિવાય દક્ષિણનાં રાજ્યોની ૮૪ બેઠકને નબળી માનવામાં આવી છે.

૨૦૨૪ની લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભાજપે વૃદ્ધોની મદદ માટે એક મોટી યોજના બનાવી છે. મ્ત્તઁ દેશના લગભગ ૧૩ કરોડ વૃદ્ધોની એવી લિંક બનાવવા માગે છે, જે ૨૦૧૯માં જીતેલી સીટો પર વોટ શેર વધારી શકે અથવા સીટો જીતવા માટે ઓછા પડતાં વોટના ગેપને પૂરો કરી શકે છે.૨૦૧૯માં હારી ૧૪૪ સીટો, મોદી ૪૦ જગ્યાએ મેગા રેલી કરશે; નડ્ડા-શાહને ૧૦૪ સીટની જવાબદારી

૨૦૨૪માં યોજાનારી લોકસભાની ચૂંટણી માટે ભાજપે તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ માટે પાર્ટી ૨૦૧૯માં હારેલી ૧૪૪ લોકસભા સીટ પર રેલીઓ કરવાની યોજના બનાવી રહી છે. આમાંથી ૪૦ લોકસભા સીટો પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૪૦ મોટી રેલીઓ કરશે. બાકીની બેઠકો પર ભાજપ-અધ્યક્ષ જેપી નડ્ડા, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સહિતના મોટા નેતાઓ રેલીઓ કરશે.

# નાગપુરમાં બિલ્ડરો પર લાભ પહોંચાડવાનો આરોપ લગાવી વિરોધ પક્ષોએ રાજીનામુ માંગ્યું

નાગપુર,તા.૨૩

મહારાષ્ટ્ર વિધાન પરિષદમાં નાગપુર ભૂમિ ફાળવણી મામલાને લઈ ભારે હંગામો થઈ રહ્યો છે અને વિરોધ પક્ષો સતત હંગામાને કારણે વિધાન પરિષદને સ્થગિત કરવામાં આવે છે. વિરોધ પક્ષોના સભ્યોએ મુખ્યમંત્રી શિંદેના રાજીનામાની માંગ કરી હતી.તેમની આ માંગ બોમ્બે હાઈકોર્ટ દ્વારા મામલા પર યથાસ્થિતિનો આદેશ આપ્યાના કેટલાક દિવસો બાદ આવી છે.

વિરોધ પક્ષોનો આરોપ છે કે એપ્રિલ ૨૦૨૧માં જયારે એકનાથ શિંદે શહેરી વિકાસ મંત્રી હતા તે સમયે તેમણે આ વિવાદિત જમીનની ફાળવણી પર મહોર લગાવી હતી વિરોધ પક્ષ એમવીએ અનુસાર તે સમયે પાંચ એકર જમીન સરકારી જમીનની કીમત ૮૩ કરોડ હતી. પરંતુ પોતાના નજીકના બિલ્ડરોને શિંદેએ ફકત ૨ કરોડમાં જામીન ફાળવી દીધી વર્ષ ૧૯૬૪માં એનઆઈટીએ સકકદરા સ્ટ્રીટ યોજના તૈયાર કરી હતી આ યોજનાને વર્ષ ૧૯૬૭માં રાજય સરકારે સત્તાવાર મંજુરી આપી દીધી તેમાં તે જમીન પણ સામેલ હતી જેના પર વર્ષ ૧૯૭૫ સુધી એક ખેતર પરિવારનો કબજો રહ્યો હતો આખરે ૧૯૮૧માં આ



જમીન એનઆઈટીને આપી દેવામાં આવી છે. વર્ષ ૨૦૦૪માં પબ્લિક યુટિલિટી લૈંડ તરફથી આ જમીનની ફાળવણીમાં અનિયમિતતા જણાઈ હતી ત્યારબાદ અનિલ વાડપલ્લીવારે બોમ્બે હાઈકોર્ટની નાગપુર ખંડપીઠમાં એક અરજી દાખલ કરી હતી. હાઈકોર્ટે આ મામલે સમીતી બનાવી જેમાં જણાવાયુ કે જમીનની ફાળવણી પ્રક્રિયામાં અનિયમિતતાઓ અને કાનુનો ભંગ થયો છે. ૧૪ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ બોમ્બે હાઈકોર્ટની નાગપુર બેંચે ન્યાયમિત્ર આનંદ પરચુરે દ્વારા રજુ કરવામાં આવેલ રિપોર્ટ પર ધ્યાન લેતા શિંદે દ્વારા ઝુપડી નિવાસીઓ માટે રાખવામાં આવેલ જમીનને નજીકના બિલ્ડરોમનો ફાળવી દેવાના નિર્ણય પર યથાસ્થિતિનો આદેશ આપ્યો આ મુદ્દા પર કાર્યવાહી શરૂ થતા જ વિરોધ પક્ષના નેતા અંબાદાસ દાનવે કહ્યું કે નાગપુર સુધાર ન્યાયે ઝુપડીઓમાં રહેતા લોકોની સારી

### શહેરી વિકાસ મંત્રી અને મુખ્યમંત્રી તરીકે તેમણે કોઈ પણ રીતના ભ્રષ્ટ્રાચાર અથવા અનિયમિતતા કરી નથી : શિંદે

જીંદગી માટે ૫ એકર અનામત કરી હતી પરંતુ પૂર્વ શહેરી વિકાસ મંત્રી જે હાલ વર્તમાનમાં મહાષ્ટ્રના મુખ્યમંત્રી છે એકનાથ શિંદેએ આ જમીનના ટુકડાને પોતાની નજીકના બિલ્ડરોને ફાળવણી કરી દીધી હતી.

મુંબઈ હાઈકોર્ટની નાગપુર બેંચે આ જમીનને ફાળવણી કરવા પર પહેલા જ રોક લગાવી દીધી હતી આમ છતાં મુખ્યમંત્રી શિંદે જમીન ફાળવણી કરવાનો નિર્ણય લીધો જે કોર્ટના કાર્યમાં હસ્તક્ષેપ છે. જો કે જાવનેએ આ આરોપ પર ગૃહમાં થઈ રહેલ પર થઈ રહેલા હંગામાની ટીકા કરતા ભાજપના ધારાસભ્યોને કહ્યું કે દાનવે દરેક દિવસે એક મુદ્દો ઉઠાવી રહ્યાં છે જયારે રાજયના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ તેનો જવાબ આપી ચુકયા છે આ મામલાને લઈ બંન્ને પક્ષોમાં ચર્ચા થવા લાગી ત્યારબાદ કાર્યવાહી ૧૫ મિનિટ માટે બંધ કરવામાં આવી હતી.

# મદરેસાઓમાં ભણતર નહી કંઈક બીજુ જ થાય છે : ઉત્તરાખંડના મુખ્યમંત્રી ધામી

દહેરાદુન,તા.૨૩

ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ મદરેસાઓને લઈને મોટું નિવેદન આપ્યું છે. મદરેસામાં શાળાકીય શિક્ષણને બદલે કંઈક બીજું થઈ રહ્યું છે. આ સ્થિતિ ચિંતાનો વિષય છે. ત્રણ દિવસીય પોલીસ કોન્ફરન્સમાં મુખ્યમંત્રી ધામી બોલી રહ્યા હતા. તેમણે કહ્યું કે રાજ્યની તમામ મદરેસાઓનો સર્વે કરવામાં આવશે. ઉત્તરાખંડ પોલીસ આ સર્વે કરશે. તેમણે કહ્યું કે ઉત્તરાખંડમાં એવી ઘણી જગ્યાઓ છે, જ્યાં કેટલાક લોકોનો વસવાટ ચિંતાનો વિષય છે. રાજ્યમાં અનિચ્છનીય તત્વોને રોકવા પોલીસ માટે મોટો પડકાર છે.

પોલીસ કોન્ફરન્સમાં મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ કહ્યું કે દેવભૂમિ ઉત્તરાખંડનું સ્વરૂપ બગાડવું જોઈએ નહીં. આ અવસ્થાનું દિવ્ય સ્વરૂપ રહેવું જોઈએ. આ માટે ઉત્તરાખંડ પોલીસ જવાબદાર છે. આ માટે રાજ્યમાં અનિચ્છનીય તત્વોને અટકાવવા પડશે. તેમના પર કડકાઈ કરવી પડશે. મુખ્યમંત્રીએ કહ્યું કે રાજયની ઘણી મદરેસાઓમાં શાળાકીય પ્રવૃત્તિઓને બદલે કેટલીક શંકાસ્પદ ગતિવિધિઓના અહેવાલો છે. તેમણે કહ્યું કે સરકારે આ મદરેસાઓનો સર્વે કરવાની વાત પહેલા જ કરી દીધી છે.

હવે આ સર્વેને આગળ લઈ જવાની અને વહેલી તકે સર્વે હાથ ધરવાની જવાબદારી ઉત્તરાખંડ પોલીસને આપવામાં આવી છે. તેમણે કહ્યું કે ઉત્તરાખંડમાં એવી ઘણી જગ્યાઓ છે જ્યાં શંકાસ્પદ વસાહતો થઈ છે. તેમાં મજબૂત ઈનપુટ્સ પણ છે. આવી સ્થિતિમાં આ પ્રકારની વસ્તી કેવી રીતે અટકાવવી તે ચિંતાનો વિષય છે.

મુખ્યમંત્રી ધામીએ તેમના સંબોધન દરમિયાન વિવિધ મુદ્દાઓ પર ખુલીને ચર્ચા કરી હતી. આ દરમિયાન તેમણે ઉત્તરાખંડમાં અનિચ્છનીય તત્વોની વસ્તી વધવા પર ચિંતા વ્યક્ત કરી હતી. પોલીસને છૂટો દોર આપતા તેમણે કહ્યું કે આવા લોકોની ઓળખ કરવામાં અને તેમની સામે કડક કાર્યવાહી કરવામાં કોઈ વિલંબ થવો જોઈએ નહીં. તેમણે સ્પષ્ટ કહ્યું કે દેવભૂમિમાં ન તો અનિચ્છનીય પ્રવૃત્તિઓ અને ન તો અનિચ્છનીય લોકોને મંજૂરી છે.

ઉત્તરાખંડ સરકારના પ્રસ્તાવ પર રાજ્યપાલે ધર્માંતરણ કાયદાને મંજૂરી આપી દીધી છે. આ કાયદાના અમલ સાથે, રાજ્યમાં કોઈને બળજબરીથી અથવા બળજબરીથી ધર્માંતરણ કરવા માટે ત્રણથી દસ વર્ષની સજા થઈ શકે છે. રાજભવને સરકારના ધર્માંતરણ વિરોધી સુધારા બિલને મંજૂરી આપતું ગેઝેટ બહાર પાડ્યું છે. તેમાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે જો દોષી સાબિત થાય તો દોષિતને ત્રણથી ૧૦ વર્ષની જેલની સજા અને ૫૦ હજાર રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે. જેમાં એવી જોગવાઈ છે કે કોઈ વ્યક્તિના ધર્મ પરિવર્તન પર બેથી સાત વર્ષની સજા અને ૨૫ હજાર રૂપિયાનો દંડ થઈ શકે છે.

# ચીનથી તમામ ફલાઈટ્સ પર રોક લગાવી દેવામાં આવે : જીતન રામ માંઝી

પટણા,તા.૨૩

કોરોના એકવાર ફરી લોકોને ડરાવવા લાગ્યો છે.નવા વેરિએટ મળ્યા બાદ સરકાર પણ તેને લઈ એલર્ટ થઈ ગઈ છે.આ મુદ્દા પર મુખ્યમંત્રી નીતીશકુમારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર કટાક્ષ પણ કરી હતી ત્યારે હમ પ્રમુખ જીતન રામ માંઝીએ તેને લઈ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સલાહ આપી છે.તેમણે કહ્યું કે ચીનથી તમામ ફલાઈટ્સ પર રોક લગાવી દેવામાં આવે આ રાષ્ટ્રહિતમાં જ તમારૂ પગલુ હશે કોરોનાએ લઈ જીતન રામ માંઝીએ એક ટ્વીટ કર્યું હતું તેમણે લખ્યું હતું કે ચીનમાં કોવિડના કહેરને જોતા હું કેન્દ્ર સરકાર અને મા.વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વિનંતી કરૂ છું કે અવિલંબ ચીનથી આવનારા તમામ ફલાઈટ્સ પર રોક લગાવી દે જેથી ચીનની મહામારી ભારતમાં ના ફેલાઈ શકે આ રાષ્ટ્રહિત પણ હશે બીજીબાજુ કોરોનાને લઈ રાજનીતિ પણ શરૂ થઈ ગઈ છે.મુખ્યમંત્રી નીતીશકુમારે કેન્દ્ર સરકાર પર કટાક્ષ કરતા કહ્યું કે કેન્દ્ર સરકાર એવા સમયમાં કોવિડ ૧૯ના મામલામાં નવા વધારા પર ચિંતા વ્યકત કરી રહી છે જયારે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાએ ગતિ પકડી લીધી છે.જયારે કોરોનાને લઈ આરોગ્ય મંત્રી મનસુખ માંડલિયાએ રાહુલ ગાંધીને પત્ર પણ મોકલ્યો છે.



## તંત્રી સ્થાનેથી...

# નશાનો વધતો કારોબાર

આમ તો ડ્રગ્સની જાળ આખા દેશમાં ફેલાયેલી છે, પરંતુ ગયા વર્ષે સૌથી વધુ ડ્રગ્સ ગુજરાતમાંથી પકડાયું. દેશભરમાંથી ભારે માત્રામાં ડ્રગ્સ પકડાયા બાદ એ સવાલ ઊઠવો સ્વાભાવિક છે કે દેશમાં આટલું ડ્રગ્સ ક્યાંથી અને કેવી રીતે આવે છે? આવા સમયે ગૃહમંત્રી અમિત શાહનું દેશમાં નશાના કારોબારના સામના માટે કેન્દ્ર અને રાજ્યોએ સાથે મળીને લડવાની જરૂરિયાત રેખાંકિત કરવું સમયની માંગ છે. કમ સે કમ આ એવો વિષય નથી, જેના પર રાજ્યો અને કેન્દ્રની એજન્સીઓ વચ્ચે કોઈ પ્રકારનો મતભેદ દેખાય. જ્યાં નશાનું ચલણ નવી પેઢીને બરબાદ કરી રહ્યું છે, ત્યાં જ તેનો કારોબાર આતંકીઓ અને અપરાધીઓ માટે મદદગાર બની રહ્યો છે. દેશવિરોધી તત્ત્વો સામાન્ય રીતે નશાના કારોબારમાં પણ લિપ્ત રહે છે. નશાનો કારોબાર દેશના અર્થતંત્રને પણ કમજોર કરવાનું કામ કરે છે. એ સાચું કે હાલના સમયમાં નશાની તસ્કરી રોકવા માટે કેન્દ્ર સરકારની સાથે રાજ્ય સરકારો પણ સક્રિય થઈ છે, પરંતુ નશાના કારોબારીઓ પર અંકુશ લગાવવો એટલે કઠિન છે, કારણ કે કેટલીક વિદેશી શક્તિઓ ભારતમાં માદક પદાર્થો ખપાવી રહી છે. તેમનું કામ એટલે આસન થઈ ગયું છે, કારણ કે અફઘાનિસ્તાનમાં તાલિબાનના કબ્જા બાદ ત્યાં અફીણની ખેતી વધી છે. તેની સાથે જ અફીણથી બનનારા નશીલા ઉત્પાદનોને વિભિન્ન દેશોમાં ખપાવવાનો સિલસિલો પણ ઝડપી બન્યો છે. તેમાં પાકિસ્તાનનો પણ હાથ છે અને એ જ કારણે ગૃહમંત્રીએ એમ કહીને એના પર નિશાનો સાધ્યો કે જે ભારતમાં આતંકવાદ ફેલાવે છે, તેઓ જ દેશમાં નશાના કારોબારને ઉત્તેજન આપે છે.નશાના કારોબારીઓ હરસંભવ રસ્તે અને ત્યાં સુધી કે ડ્રોન, સુરંગ દ્વારા પણ સીમાંત રાજ્યોમાં માદક પદાર્થ મોકલી રહ્યા છે, ત્યારે કેન્દ્ર અને રાજ્યની તમામ એજન્સીઓએ સતર્કતા રાખવાની સાથે જ પરસ્પર સમન્વય પણ વધારવો પડશે. એ સારી વાત છે કે નશામુક્ત ભારતનું સપનું સાકાર કરવા માટે લોકસભા સદસ્યો નશા વિરુદ્ધ વ્યાપક અભિયાન ચલાવવા અને સામુહિકતાથી કાર્ય કરવાનો

## એક બંદર થિયેટર કે અંદર !!!

આપણને માણસ ગમતો નથી. તે ઠીક છે. માણસ ગમે કે ન ગમે પણ પ્રાણીઓ , પક્ષીઓ ગમે છે.પોપટ, કોયલ, લક્કડખોદ , બપૈયા, હોલા, ચકલી ગમે છે. વાઘ, સિંહ , કૂતરા, શિયાળ ગમે છે. વાઘ-સિંહ ગમે પણ પાળી ન શકાય.કોઇક વિરલા સિંહ કે વાઘ પાળે છે તે વાત અલગ છે. એમ તો ગીરના જંગલમાં ફોરેસ્ટર નાની લાકડી કે દંડૂકાથી જનાવર ( ગીરના જંગલમાં સિંહને જનાવર કહેવામાં આવે છે!)ભગાડે છે. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદના કાવ્યની નાયિકા ચારણ કન્યા સાવજને ભગાડે છે. કેટલાક વિકૃતો સિંહને મરઘી માટે દોડાવે છે કે બાઇકની લાઇટ ચાલુ કરી સિંહને દોડાવે છે.

બધા પ્રાણીમાં વાંદરા તરફ ખેંચાણ અલગ છે. કેમ કે, આપણી ઊત્પતિ વાંદરામાંથી થયેલી હોવાનું ડાર્વિનવાદ કહે છે. જ્યાં સુધી તેનું ખંડન ન થાય ત્યાં સુધી આપણા પૂર્વજો વાંદરા હતા તે નિર્વિવાદ અને નિર્વિલ્પ સત્ય છે.અલબત, વાંદરા તેનું ગૌરવ લેતા હશે કે તે અલગ વિચારણાનો મુદો છે.બીજું કે પતિ કે પત્ની વાંદરા સાથે સામેના પક્ષ-વિપક્ષનો લોહીનો સંબંધ જોડી કાઢે છે. મા દિકરાને કહે કે તારો બાપ વાંદરો છે. પતિ કહે કે તારા પિયરિયા વાંદરા છે!! આ બધુ જાણવા છતાં શું કામ લગ્ન કર્યા એ સવાલ નિરુત્તર રહે છે!!

ભોજનની થાળીમાં જેમ પાપડ જોડાયેલ હોય છે તેમ વાંદરા આપણા જીવન સાથે વણાયેલા છે.

પંચતંત્રમાં મગર અને વાનરની વાર્તામાં ચાલાક વાનર કાળજું ઝાડ પર મુકી આવ્યો છું તેમ કહી મગરથી જીવ બચાવે છે. ભગવાન રામે રાવણ સાથેના યુધ્ધમાં વાનર, રીંછની મદદ મેળવી હતી. બે બિલાડીઓની રોટલાની વહેંચણની વાર્તામાં જજ બનેલો વાંદરો આખો રોટલો ન્યાય તોળવા દરમિયાન ખાઇ ગયો હતો. અત્યારે ન્યાયતંત્રમાં પરિસ્થિતિ લગભગ આવી છે. ન્યાય મેળવતાં મેળવતાં સમય અને સંપતિ ગુમાવવાની રહે છે. ત્યારે સત્યની જીત થાય છે. અસીલ કેસ હારી જાય ત્યારે વકીલ તેને સત્યની જીત કહીને અસીલ સાથે પલ્લો ઝાડે છે!!!

એક રાજાએ વાંદરાને અંગરક્ષક નિમેલો. રાતે ખુલ્લી તલવારે રાજાનું રક્ષણ કરે. રાજાના શરીર પર મચ્છર બેસતાં રાજા પર તલવાર ઝીંકી.મચ્છર ઉડી ગયું. રાજાના તસ્વીર પર સુખડનો હાર ચડી ગયો.

વાંદરાઓમાં ગાંધીજીના વાંદરા ફેમસ છે. એકચ્યુઅલી ત્રણ ફેમસ થયા બાકીના ધનવાન થયા. જોકે , તેના માલિકી કે કુલમુખત્યારનામું કે પેઢીનામું બાપુની તરફેણમાં ન હોવા છતાં ગાંધીજીના વાંદરા તરીકે ફેમસ થયેલા, જેની લોકપ્રિયતાથી મોટા સાહેબ પણ જલે છે!! ભોગ વાંદરાના .આપણે શું?

ગબ્બર અને આવા તીર્થક્ષેત્રોમાં વાંદરાનો ત્રાસ હોય છે.શક્ય છે કે ગયા ભવના મુમુક્ષુ હોય અને અધુરી ખ્વાહિશ પૂરી કરતા હોય!

હોલિવુડમાં ગોડઝિલા નામની ફિલ્મો બનેલી,જે બ્લોક બસ્ટર નીવડેલી.એક બંદર હોટલ કે અંદર નામની ફિલ્મ પણ આવેલી. જેના કારનામા સૌને યાદ છે!હમણા ગાંધીનગરના અડાલજના થિયેટરમાં એક બંદર થિયેટર કે અંદરનું લાઇવ શુટિંગ થઇ ગયેલું. ગરમીમાં રાહત મેળવવા કે કેજીએફ-૨ કે થ્રી આરની લોકપ્રિયતા પ્રાણી જગતમાં પ્રસરી હશે કે ભગવાન જાણે!! એક બંદરે મલ્ટીપ્લેકસની મોંઘા ભાવની ટિકિટ લીધા સિવાય અનધિકૃત પ્રવેશ મેળવી લીધેલો. સિકયોરીટી ગાર્ડે શું કાળજી રાખી એ તો માલિક જાણે!! થિયેટરમાં પિકચરના શો દરમિયાન વાનર નામનો પ્રેક્ષક હોવાની જાણ થઇ. કોઇ પ્રેક્ષકો વાનરનો ઓટોગ્રાફ લેવા કે સેલ્ફી લેવા આગળ ન આવ્યા તે તેના દુર્ભાગ્ય, બીજું શું? બીજા દિવસે જે છાપે ચડવાનો હોય તે એક દિવસનો સુલતાન કહેવાય. વરરાજા પણ એક દિવસનો સુલતાન અને બાકીના દિવસોનો ગુલામ હોય છે, એ વાત અલગ છે. વાનરને હટાવવા સિનેમા માલિકોએ ઘણી મશકત કરી. પણ વાનર પણ ગાંધીજીની જેમ ડગલું ભર્યું તે ના હટુને અનુસરીને અડીંગો જમાવી દીધો. ફાયરબ્રિગેડ પણ રામબ્રિગેડે હંફાવી દીધી. ક્યારેક પ્રેક્ષકો પૂરતી સંખ્યા ન હોવાના કારણે કે વિજળીકાપ કે તોફાન, કે ભારે વરસાદને લીધે સિનેમાનો શો કેન્સલ કરવો પડે. એક બંદરને લીધે ફિલ્મનો શો કેન્સલ કરવો પડ્યો તે ગિનેસ બુકમાં નોંધવા જેવી ઘટના છે.એક બંદર થિયેટર કે અંદર એ ટાઇટલ અમે રજિસ્ટર કરેલું છે. તે અમારી બૌધ્ધિક( તમે હીહી કરીને હશો નહીં!!પ્લીલીલીઇઝ!) સંપદા છે. તો એનો અમારી પરવાનગી વગર ઉપયોગ ન કરનાર સામે કાનૂની ગેરપગલાં લેવામાં આવશે!!

ભરત વૈષ્ણવ

૨૩.૧૨.૨૦૨૨. હાસ્યલેખ

# કીમતી અને બિનલોહ ધાતુઓના વાયદાના ભાવમાં એકંદરે નરમાઈ: ક્રૂડ તેલમાં વૃદ્ધિ

કોટનના વાયદામાં ગાંસડીદીઠ રૂ.૨૨૦નો ઘટાડો: મેન્થા તેલ પણ નરમ: પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૭૯૧૪ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૯૩૩૬ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ.૪૭ કરોડનાં કામકાજ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ગુરૂવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૪૬,૦૮૩ સોદાઓમાં કુલ રૂ.૧૭,૨૯૮.૧૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૭૯૧૪.૪૪ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૯૩૩૬.૩૪ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૯૪,૦૪૪ સોદાઓમાં કુલ રૂ.૪,૬૦૦.૦૯ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૫,૦૬૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૫,૧૧૭ અને નીચામાં રૂ.૫૪,૯૧૨ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૩૮ ઘટી રૂ.૫૪,૯૩૩ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૮૯ ઘટી રૂ.૪૪,૧૦૫ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨૦ ઘટી રૂ.૫,૩૮૬ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૪,૬૫૦ના ભાવે ખૂલી, રૂ.૨૯૮ ઘટી રૂ.૫૪,૩૮૬ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૯,૭૫૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૯,૮૪૦ અને નીચામાં રૂ.૬૮,૮૩૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮૧૬ ઘટી રૂ.૬૮,૮૯૩ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૭૮૨ ઘટી રૂ.૬૮,૮૮૫ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૭૬૨ ઘટી રૂ.૬૮,૯૦૩ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૯,૪૮૨ સોદાઓમાં રૂ.૧,૪૭૧.૬૯ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૪૫ ઘટી રૂ.૨૦૮.૧૦ અને જસત ડિસેમ્બર વાયદો રૂ.૧.૨૫ ઘટી રૂ.૨૬૮ના ભાવ થયા હતા. આ સામે તાંબુ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૫ વધી રૂ.૭૧૫.૬૦ તેમ જ સીસું ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧.૨૫ ઘટી રૂ.૧૮૮ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૭,૧૮૮ સોદાઓમાં કુલ રૂ.૧,૮૦૩.૩૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૫૨૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૬૨૭ અને નીચામાં રૂ.૬,૪૯૩ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૯૯ વધી રૂ.૬,૬૦૫ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩.૬૦ વધી રૂ.૪૫૧.૩૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૫૮૨ સોદાઓમાં રૂ.૩૯.૩૫ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ડિસેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૦,૧૯૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૦,૩૦૦ અને નીચામાં રૂ.૩૦,૦૩૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૨૦ ઘટી રૂ.૩૦,૦૭૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૨.૩૦ ઘટી રૂ.૯૮૫.૬૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૪૬૪.૧૧ કરોડનાં ૨,૬૬૬.૩૪૪ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૩,૧૩૫.૯૮ કરોડનાં ૪૫૨.૩૭૮ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૬૭૪.૪૦ કરોડનાં ૧૦,૨૮,૨૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૧૨૯ કરોડનાં ૨૪૯૦૫૦૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૨૨.૬૨ કરોડનાં ૭૫૦૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૧૬.૭૩ કરોડનાં ૧૬૭.૪ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૮૨૭.૩૦૬ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૦૧૭.૨૧૬ ટન, ક્રૂડ તેલમાં ૬૮૬૫૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૨૬૮૧૩૭૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૨૯૭૫૦ ગાંસડી, મેન્થા તેલમાં ૪૩૯.૫૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૪૭.૩૮ કરોડનાં ૬૧૬ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૧૫,૪૨૬ના સ્તરે ખૂલી, ૭૨ પોઈન્ટ ઘટી ૧૫,૩૫૫ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૯,૩૩૬.૩૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૨૫.૪૮ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૫૬.૬૦ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩,૯૧૫.૮૬ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪,૭૩૮.૦૪ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૨૩૨.૯૦ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૪૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૫.૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૫.૬૦ અને નીચામાં રૂ.૭.૨૫ રહી, અંતે રૂ.૦.૮૫ વધી રૂ.૧૧.૨૦ થયો હતો. જ્યારે ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૬,૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૬૯.૮૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૩૩ અને નીચામાં રૂ.૨૬૯.૧૦ રહી, અંતે રૂ.૫૦.૯૦ વધી રૂ.૩૨૩ થયો હતો.

સોનું જાન્યુઆરી રૂ.૫૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૮૬ ખૂલી, ઊપરમાં રૂ.૯૫ અને નીચામાં રૂ.૬૫ રહી, અંતે રૂ.૧૨ ઘટી રૂ.૬૮.૫૦ થયો હતો. સોનું-મિની ડિસેમ્બર રૂ.૫૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૫૧ અને નીચામાં રૂ.૮૩ રહી, અંતે રૂ.૪૮ ઘટી રૂ.૯૦ થયો હતો. ચાંદી ફેબ્રુઆરી રૂ.૭૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૭૦૦.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૧,૭૪૮.૫૦ અને નીચામાં રૂ.૧,૩૮૦ રહી, અંતે રૂ.૩૪૫ ઘટી રૂ.૧,૪૦૮ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૪૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૭.૬૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૫.૧૫ અને નીચામાં રૂ.૫ રહી, અંતે રૂ.૧.૪૦ ઘટી રૂ.૧૪.૧૫ થયો હતો. જ્યારે ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૬,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૯૯.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૨૧.૨૦ અને નીચામાં રૂ.૨૬૭.૨૦ રહી, અંતે રૂ.૪૧.૪૦ ઘટી રૂ.૨૭૪.૬૦ થયો હતો. સોનું-મિની ડિસેમ્બર રૂ.૫૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧ ખૂલી, ઊપરમાં રૂ.૧૫ અને નીચામાં રૂ.૮ રહી, અંતે રૂ.૫ વધી રૂ.૧૨.૫૦ થયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૫૪,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦૭.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૧૫ અને નીચામાં રૂ.૨૦૭.૫૦ રહી, અંતે રૂ.૪૪ વધી રૂ.૩૧૧ થયો હતો. ચાંદી ફેબ્રુઆરી રૂ.૬૯,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨,૨૫૯ ખૂલી, ઊપરમાં રૂ.૨,૫૭૫ અને નીચામાં રૂ.૨,૧૯૩ રહી, અંતે રૂ.૨૮૦ વધી રૂ.૨,૫૪૦.૫૦ થયો હતો.

# ભારત કોરોનાથી તરફડીયા મારતા ચીનના લોકોને મદદ કરશે દવા મોકલવાનો નિર્ણય લીધો

નવીદિલ્હી,તા.૨૩

ચીનમાં કોરોનાની અત્યાર સુધીની સૌથી ઘાતક લહેર આવી છે. દરરોજ લાખોની સંખ્યામાં નવા દર્દી સામે આવી રહ્યા છે અને હોસ્પિટલોમાં લોકોને બેડ નથી મળતા, તો વળી દવાઓ પણ ભારે મુશ્કેલીથી મળી રહી છે. દવા વગર લોકો તરફડીયા મારી રહ્યા છે. પોતાના પાડોશી દેશને મુસીબતમાં જોઈને ભારત ફરી એક વાર સામે આવ્યું છે.

ભારતે ચીનમાં દવાઓ મોકલવાનો નિર્ણય કર્યો છે. ભારતના દવા નિકાસ નિગમના અધ્યક્ષે ગુરુવારે કહ્યું કે, દુનિયાના સૌથી મોટા દવા નિર્માતાઓમાંથી એક ભારતે કોરોના સામે ઝઝૂમી રહેલા ચીનની મદદ કરવાનો નિર્ણય લીધો છે. ભારત, ચીનને તાવની દવા આપવા માટે તૈયાર છે.

ચીનમાં કોરોનાની લહેર આવવાથી ત્યાં દવાઓની ભારે તંગી સર્જાઈ છે. ડિમાન્ડ પુરી કરવા માટે દવા કંપનીમાં ઓવર ટાઈમ કરાવામાં આવી રહ્યો છે. ચીની સરકારે તાવ, સાંધાનો દુખાવો, માથાનો દુખાવાની દવા ફ્રીમાં આપવાની જાહેરાત કરી છે. આ તમામની વચ્ચે ભારત પણ ચીનને તાવની દવા મોકલશે. ફાર્માસ્યુટિકલ્સ એક્સપોર્ટ પ્રમોશન કાઉંસિલ ઓફ ઈંડિયાના ચેરમેન સાહિલ મુંઝાલે રોયટર્સને જણાવ્યું હતું કે, ઈબુપ્રોફેન અને પેરાસિટામોલ દવા બનાવનારી કંપનીઓ પાસે ચીનમાંથી ઓર્ડર આવી રહ્યા છે.

## આગમન

દરેકની જબાને,
એક સવાલ છે?
કયાં આડીઅવળી,
થઇ ગયેલ છે?
કોઇની સાથે,
ભાગી ગયેલ છે??
બરફ કૂળનું નામ,
મીટીમાં મિલાવેલ છે??
કોઇ જૂના પટારામાં,
ઘૂસી ગયેલ છે?
આવી ગરમીમાં ,
રજાઇ ઓઢી પોઢી ગયેલ છે?
ઉપરવાળાએ તેનું પાનિયું,
ફાડી નાંખેલ છે??
આપણી જીવનરીતિથી,
બદલાવાથી રૂઠેલ છે?
ભર શિયાળે પરસેવો,
એ કોની કમાલ છે??
લો,હવે આજે,
લલિતા પવારની જેમ,
રૂમઝૂમ કરતી,
સુ.શ્રી કોલ્ડદેવી,
પધારેલ છે!!
જેકેટ, સ્વેટર ચડાવી લો!!!

ભરત વૈષ્ણવ
૨૩.૧૨.૨૦૨૨.

# જમ્મૂ કાશ્મીરમાં ડીએપીથી અલગ થયેલા ૩ નેતાઓની કોંગ્રેસમાં ઘરવાપસી થશે !

### ડેમોક્રેટિક આઝાદ પાર્ટી બન્યાને ૩ મહિના થયા, ૨ દિવસમાં ૪ નેતાઓએ પાર્ટી સાથે ફાડ્યો છેડો

શ્રીનગર,તા.૨૩

જમ્મૂ કાશ્મીરના દિગ્ગજ નેતા અને પૂર્વ મુખ્યમંત્રી ગુલામ નબી આઝાદે કોંગ્રેસથી ૪ દશક જૂનો નાતો તોડીને ડેમોક્રેટિક આઝાદ પાર્ટી બનાવી. જમ્મૂ કાશ્મીરની રાજનીતિક જમીન પર પાર્ટીએ કામ શરૂ કર્યું પણ નથી ત્યાં એક પછી એક નેતાઓ સાથ છોડી રહ્યા છે.છેલ્લા ૨ દિવસમાં ૪ મોટા નેતા ગુલામ નબી આઝાદની ડેમોક્રેટિક આઝાદ પાર્ટીથી અલગ થયા છે. કહેવાઈ રહ્યું છે કે ઙ્ઘટ્ઠँથી અલગ થયેલા નેતા એકવાર ફરી કોંગ્રેસમાં ઘરવાપસી કરી શકે છે.



ગુલામ નબી આઝાદની ડેમોક્રેટિક આઝાદ પાર્ટી બન્યાને ૩ મહિના થયા છે પણ પાર્ટીની અંદર મોટી ઉઠકપટક શરૂ થઈ છે. જય સિંહે ડીએપીના પ્રદેશ અધ્યક્ષ બન્યાના ૨૪ કલાકમાં પાર્ટીથી રાજીનામું આપ્યું હતું. આ પછી ગુરુવારે ૩ મોટા નેતાઓને પાર્ટીથી કાઢી દેવામાં આવ્યા છે. ગુલામ નબી આઝાદે પાર્ટી વિરોધી ગતિવિધિના કારણે પૂર્વ ઉપમુખ્યમંત્રી તારાચંદ, પૂર્વ મંત્રી ડો. મનોહર લાલ અને પૂર્વ ધારાસભ્ય બલવાન સિંહને બહારનો રસ્તો દેખાડ્યો છે. ઉલ્લેખનીય છે કે આ ૩ નેતાઓ કોંગ્રેસ છોડીને ગુલામ નબી આઝાદની પાર્ટીમાં જોડાયા હતા. કોંગ્રેસને માટે આ મોટો ઝટકો માનવામાં આવી રહ્યો હતો. પરંતુ હવે ૩ મહિનામાં ૩ નેતાઓને પાર્ટીથી કાઢી દેવામાં આવ્યા છે. ત્રણેય દિગ્ગજ નેતાઓ ફરીથી કોંગ્રેસમાં આવી શકે છે. માનવામાં આવી રહ્યું છે કે રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા જમ્મૂ કાશ્મીર પહોંચશે તો તે સમયે ૩ નેતાઓની ઘરવાપસી જોવા મળશે.

જમ્મૂ કાશ્મીરના કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે કોંગ્રેસમાં દરેક વ્યક્તિનું સ્વાગત છે. તારાચંદ, મનોહરલાલ અને બલવાન સિંગ અને જયસિંહ કોંગ્રેસના નેતા રહ્યા છે અને તેઓ કોંગ્રેસથી ગુલામ નબી આઝાદની પાર્ટીમાં જોડાયા હતા. એટલું નહીં તે રાજનીતિક નીતિને પણ સમજી ચૂક્યા છે. તે ભાજપની બી-ટીમ સિવાય કંઈ નથી. ભાજપનો હેતુ માટે તેઓએ પાર્ટી બનાવી. એક એક કરીને તમામ નેતાઓ તેનો સાથ છોડીને કોંગ્રેસમાં જોડાઈ રહ્યા છે.

જમ્મૂ કાશ્મીરમાં આવનારા મહિને રાહુલ ગાંધીની અધ્યક્ષતામાં ભારત જોડો યાત્રા પહોંચી રહી છે. કોંગ્રેસ છોડીને ગુલામ નબીની સાથે ગયેલા નેતાઓની વાપસી કરાવીને એક માહોલ બનાવવાની રણનીતિ પાર્ટી બનાવાઈ છે. આ સિવાય તે ભારત જોડો યાત્રાની રાજનીતિ નથી પરંતુ તારાચંદ, મનોહરલાલ અને પૂર્વ ધારાસભ્ય બલવાન સિંહ જો રાહુલ ગાંધીની હાજરીમાં પ્રદેશમાં થનારી ભારત જોડો યાત્રામાં જોડાશે તો કોંગ્રેસમાં તેમની વાપસીનું સ્વાગત કરાશે.

# કોંગ્રેસી સીએમના આદેશથી ખુશ થયા નીતિન ગડકરી, અભિનંદન પાઠવતા કહ્યું આ રંગ દેશ માટે જરૂરી: કરી જાહેરમાં પ્રશંસા

નવીદિલ્હી,તા.૨૩

છત્તીસગઢ સરકારે તમામ સરકારી ઈમારતોમાં ગાયના છાણમાંથી બનેલા રંગનો ઉપયોગ ફરજિયાત કરવાનો આદેશ આપ્યો છે. જેના પ્રશંસા કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કરી હતી. બંને વચ્ચેની આ વાતચીત સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્વિટર પર થઈ હતી. બે દિવસ પહેલા, છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે આદેશ આપ્યો હતો કે, રાજ્યની તમામ સરકારી ઈમારતોને ગાયના છાણથી બનતા રંગેથી રંગવા માટે કામ કરવું જોઈએ.તેમણે કહ્યું કે, જો આ આદેશનું પલન નહીં થાય તો કાર્યવાહી કરવામાં આવશે, તેમજ જવાબદાર અધિકારીઓને પ્રશ્ન કરવામાં આવશે. કારણ કે, સરકારે આ સંદર્ભમાં પહેલેથી જ આદેશ બહાર પાડી દીધો છે.

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ ટ્વિટ કર્યું કે, હું છત્તીસગઢના મુખ્યમંત્રીને કે જેમણે છત્તીસગઢના સરકારી વિભાગીય અધિકારીઓને ગાયના છાણમાંથી બનાવેલા કુદરતી રંગનો ઉપયોગ કરવા આદેશ કર્યો તેમના બદલ તેમને અભિનંદન આપું છું. તેમનો આ નિર્ણય સરાહનીય અને આવકારદાયક છે. જયારે હું વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સ્જીસ્ઈ મંત્રી હતો ત્યારે આની શરૂઆત કરી હતી. પ્રાકૃતિક રંગના ઉપયોગથી પર્યાવરણનું રક્ષણ તો થશે જ પરંતુ ખેડૂતોને રોજગારીની નવી તકો પણ મળશે. જેના કારણે દેશના ખેડૂતોને ફાયદો થશે.

છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે તેમના જવાબમાં કહ્યું કે, તમારો ખૂબ ખૂબ આભાર! પ્રિય નીતિન ગડકરી, છત્તીસગઢ સરકારના આ કર્મયોગને ફક્ત ‘કર્મયોગી‘ જ સમજી શકે છે. માત્ર શબ્દોથી જ નહીં, પણ સારા ઈરાદાથી દેશ અને રાજ્ય બીજાઓ માટે પ્રેરણારૂપ બને છે. ગાય અને મજૂરને આદર આપવો એ જ ગાંધીનો માર્ગ છે.

અમે તેના પર આગળ વધી રહ્યા છીએ. તત્કાલિન કેન્દ્રીય સૂક્ષ?મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ પ્રધાન નીતિન ગડકરીએ ૧૭ ડિસેમ્બર ૨૦૨૦ ના રોજ ગાયના છાણમાંથી પેઈન્ટ બનાવવાની યોજનાની જાહેરાત કરી હતી. ખાદી અને ગ્રામોદ્યોગ આયોગના અધ્યક્ષ વિનય કુમાર સક્સેનાએ માર્ચ ૨૦૨૦માં તેની કલ્પના કરી હતી. પાછળથી જયપુરની કુમારપ્પા નેશનલ હેન્ડમેડ પેપર ઈન્સ્ટિટ્યૂટએ તેને વિકસાવ્યું. આ કેટેગરીની પ્રથમ પેઈન્ટ ૨૦૨૧ માં લોન્ચ કરવામાં આવી હતી.

ન્યુઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG:SS:NO.:0101
પ્રકાર: ગદ્ય-ઉત્સવ લેખ
વિષય: આવી શુભ ઘડી
શબ્દો: ૮૭
શીર્ષક: આવકારીએ શુભ ઘડી
લેખક: ભરત સાંગાણી

હાલો,હાલો,હાલો
સાંભળો રે,સાંભળો
હૃદય નાચી ઉઠે એવી
અમોલ વાત કરવી છે
ઉજવાશે અદભુત અવસર
કર્ણાવતિને આંગણે
અપૂર્વ રંગ ખીલશે
હરખાતા હૈયે આપણે માણશું
સાહિત્ય સભામાં લેહરાશે પમરાટ
સાહિત્યકારો જ્ઞાનની સરિતા વહેવડાવશે
નૃત્યના તાલે ઝાંઝર ઝમક્શે
રાગરંગ રાસના ઢોલ ઢબુકશે
અંધજન મંડળમાં પ્રથમ સ્નેહમિલન
ને નવી પ્રવૃતિઓના મંડાણ થશે.
સૌ સહયાત્રીઓના પગલે પગલે
"NOGની પગદંડી વિસ્તરતી જશે
સ્વજનો
ખુશીમાં ઝૂમે, તારલાઓ હસે
સદભાવના સહસ્તિત્વને રાહે
સાચા ગુરુઓની આંગળી ઝાલી
સાહિત્ય સરિતાનો સંઘ નીકળ્યો
અજવાળું પાથરવા
જોય હૃદય ખીલી ઊઠશે.
'ભરત' એવી અણમોલ
આવી શુભઘડી.

( રચના: ભરત સાંગાણી )
અમદાવાદ : ૨૨/૧૨/૨૦૨૨

---------------------------

NOG SS NO- 0088
વિષય- શુભ
પ્રકાર- પદ્ય
શીર્ષક- શુભ ધડી હવે બારણે ઊભી
નામ- ડૉ. મનીષા વ્યાસ

ટક ટક કરતી ઘડી સમયને પંથે માંડે ચાલવા..
ચાલે કાંટાને પાછું કહીએ, બોલો કેટલા વાગ્યા?
વહેતો સમય તેજ ગતિએ શુભ ઘડીને લાવવા..
આંખો પાથરી રસ્તા વચ્ચે શુભ ઘડીને વધાવવા
ધક ધક કરતું હૃદય બને ઉતાવળું સૌને મળવા
મળશું સાહિત્યની વાતો કરશું મંગળ ભાવના
સાહિત્ય સરિતાના કિનારે નાવ ચાલી લંગરવા
શનિવારના શુભ દિને સ્નેહમિલન થયું આવવા
રંગીન બનશે ફૂલવાડી, પુષ્પો લાગશે મહેકવા
રચનાઓ રજૂ થાશે ને સંગીત રેલાશે ઝૂમવા
રહ્યો એક જ દિન મધ્યે લાગીએ તૈયારી કરવા
સવારે સાડા નવને ટકોરે આવી જઈએ મળવા..

ડૉ. મનીષા વ્યાસ
અમદાવાદ

---------------------------------

: NOG SS ™tfh -0042
વિષય -આવી શુભ ઘડી
પ્રકાર -ગદ્ય
શીર્ષક - હૃદયપૂર્વક શુભકામના
શબ્દ - ૨૦૩

ન્યુઝ ઓફ ગાંધીનગર,સાહિત્ય સરિતા પરિવારને આંગણે સ્નેહમિલનની શુભ ઘડી આવી પહોંચી છે ત્યારે મારું મન ભૂતકાળ તરફ દોડી ગયું. મારાં મિત્ર સ્વાતિબેન સુચકે મને ગ્રુપમાં એડ કરાવી ત્યારે હું લખતાં શીખતી હતી.

દર અઠવાડિયે અપાતાં અવનવા શબ્દોથી લખવાનો મહાવરો વધતો ગયો. ધીરેધીરે આ સાહિત્ય પરિવાર મને પોતીકું લાગવા માંડ્યું. દાદીસા દ્વારા અપાતું માર્ગદર્શન, જીજ્ઞાબેન દ્વારા અપાતો ઉત્સાહ,તંત્રીશ્રી પ્રદીપભાઈ અને મીનાક્ષીભાભી દ્વારા મળતું માન-સન્માન અને પોતીકાપણું.

વડીલ શ્રી જયકાંતભાઈ, રતિલાલ સાહેબ દ્વારા મળતાં આશીર્વાદ. વિભૂતિબેન દ્વારા મળતો ભાવપૂર્ણ પ્રતિભાવ. દૂર વસતા કૌશિકભાઈ અને રાજુલબેન કે જેઓ અમારી રચનાને કલરફૂલ ફોટા સાથે શણગારી છાપામાં મુકવા લાયક બનાવે છે. માયાબેન, ભગવતીબેન, વંદનાબેન, આરતીબેન જેવા સિદ્ધહસ્ત લેખક મિત્રોને વાંચવાનો અને તેમની પાસેથી શીખવાનો લ્હાવો આ ગ્રુપમાં જોડાયા બાદ મળ્યો.

આ ગ્રુપના તમામ સંચાલકો દ્વારા થતી પ્રથમ સ્નેહમિલનની તડામાર તૈયારી જોઈ આજે દિલ હરખાઈ ઊઠે છે. અંગત કારણોસર આ અવસરમાં ભાગ ન લઈ શકવાનો અફસોસ ખૂબ થાય છે પણ દૂર રહીને હૃદયપૂર્વક શુભકામના પાઠવી આનંદમાં સહભાગી તો બની શકાય ને? બસ,ત્યારે! તંત્રી શ્રી પ્રદીપભાઈ અને મીનાક્ષીભાભી તેમજ સમગ્ર સંચાલક ટીમને લાખેણી શુભેચ્છાઓ.

તમે આદરેલું આ પ્રથમ સ્નેહમિલનનું અભિયાન ખૂબ સફળતા પૂર્વક પાર પડે તેવી ભગવાન દ્વારકાધીશને પ્રાર્થના.

પૂજા(અલકા)કાનાણી

-----------------------------------

NOG SS 0092
પ્રકાર :- પદ્ય
વિષય:- આવી શુભ ઘડી
શિર્ષક :- સાહિત્ય સરિતાનું પ્રથમ સ્નેહમિલન

આમ તો લાગણીભીના હૈયાં,
જોડાયેલા છે એકમેક સાથે.
કવિતાઓના આદાન- પ્રદાન ને,
શુભેચ્છાઓના સંદેશ સાથે.
મંગળ ઘડી આવી ઉભી,
પરસ્પરની પ્રત્યક્ષ ઓળખ માટે.
કાંઈક ભાથું વહેંચવા તો,
કાંઈક ખુદના વિકસવા માટે.
ગીતો હશે મધુરા, ને ઉડશે,
સંગીતની સુરાવલીની છોળો.
લેશે ગરબા ઢોલના થાપે સહું,
જાણે ઝાંઝરનાદે થીરકતી સૂની પોળો.
માન- સન્માન કરાશે સહુના ને,
અપાશે ગરિમા વધારતા પ્રશસ્તિપત્રો.
અપાશે આશ્ચર્યજનક ઈનામો ને,
સહુની વિશેષતા વર્ણવતા પત્રો.
આનંદની આ ઘડીઓ,
ક્યારેય નહિ ભુલાશે.
જે પ્રતિભાગી બનશે એમાં,
પ્રસંગ ચિર- સ્મરણીય યાદો બની જાશે.

અંતરથી શુભેચ્છાઓ મારી,
સાહિત્ય સરિતા હવે સાગર બને.
આવી શુભ ઘડીઓ વારંવાર આવે ને,
સાહિત્ય પૂજાના ઉત્સવોથી ભરી ગાગર બને.

# અલકા નવિનચંદ્ર મહેતા
ગાંધીનગર

----------------------------

NOG NO. S.S. 0059
વિષય:શુભ ઘડી
પ્રકાર: લેખ.
શીર્ષક: ' અવસર'
શબ્દો:૨૫૫.

જયકાન્ત ઘેલાણીપ્યારે ઘડ અને શૂભ ઘડ માનવ જીવન સાથે જન્મથી મૃત્યુ સુધી સંકળાયેલા શબ્દોછે.

આમતો 'ઘડી' શબ્દ સમય સૂચવતો શબ્દ છે, પણ જ્યારે ઘડી શબ્દ સાથે 'શૂભ' શબ્દ આગળ જોડાતાં તે અમૂલ્ય બની રહેછે.

માનવ જીવન એટલે અપેક્ષા ની વણજાર ... પણ જ્યારે અપેક્ષા હકીકત નુ સ્વરૂપ ધારણ કરેછે ત્યારે તે 'શૂભ ઘડી' નુ આગવું રૂપ ધારણ કરેછે જેને આપણે શૂભ અવસર પણ કહીએ છીએ.

માનવ જીવનમા માનવી હર સમયે કોઈને કોઈ'શૂભ ઘડી ની ઈંતેજારી કરતોજ રહેછે, પછી તે શૂભ ઘડી પોતાનાં લગ્ન ની હોયકે પૂત્ર પૂત્રીના જન્મની ! કે પછી તેનાં અભ્યાસ ના પરિણામ ની ?

ર્દ્રય સાહિત્ય સરિતા પરિવાર ના તમામ સભ્યો છેલ્લા બે વર્ષથી તેમનાં સભ્ય ભાઈ બહેનોને રૂબરૂ મળી વધુ ગાઢ પરિચય કેળવવા અને મળવાં ઈરછતા હતા તે રળિયામણી ઘડી તા. ૨૪.૧૨.૨૨ નાં પૂર્ણતાને આરે પહોચી રહીછે અને તે એક અવનવાં અભિગમ સાથે આગળ ના પ્રગતિ ના પંથ ઉપર

ડગ માંડવા થનગની રહીછે , ત્યારે દરેક સભ્યો આથી પણ વિશેષ સારી ઘડીની અપેક્ષા રાખેજ કેમ ખરુને મિત્રો ?

આપણા સર્વેના નમ્ર પ્રયાસોથી નવી શૂભ ઘડી પણ આપણે સાથે માણવા વહેલી તકે મળીશું, પ્યારે' તેવી શૂભ ઘડી ની ઈંતેજારી પૂર્વકની અપેક્ષા વહેલી તકે સાકાર થાય તેવી હૈયાના પૂર્ણભાવ સાથે શૂભેરછાઓ.

NOG સાહિત્ય સરિતા પરિવારને આંગણે શૂભઘડી વહેલીતકે પોતાના દસ્તક મૂકે તેવી પ્રાથના.

શુભમ્ ભવ

--------------------------------

NOG SS. NO. 0097
શુભેચછા સંદેશ

NOG પરિવારના સ્નેહ મિલન અવસરની સફળતા માટે હાર્દિક શુભેચછાઓ

આદરણીય શ્રી પ્રદીપભાઈ તથા મિનાક્ષીબેને રોપેલ બીજ આજે ઝડપથી વિકસી રહ્યું છે. એડમીન ટીમની મમતાળુ માવજત અને પરિવારના સભ્યોનો સ્નેહાળ સહકાર ખાતર પૂરણી કરી રહ્યું છે. આ બાળકના તંદુરસ્ત વિકાસ માટે હાર્દિક શુભેચછા અને પ્રભુ પ્રાર્થના.

ચાર સંસ્થાનો ચતુષ્કોણ ૨૦૨૩માં પંચતારક નો શુકનિયાળ પંચકોણ બંને એવી શુભેચછા.

સ્વાનુભવથી હું ચોક્કસ કહી શકું કે શ્રી પ્રદીપભાઈ સંસ્થાના માત્ર સંચાલક જ નથી પરંતુ સૌ સભ્યો ના આધારસતંભ પણ છે જ.

આપણે સૌ એમની ગરિમા જાળવવામાં હંમેશ સાથ સહકાર આપીશું.

વર્ષાબેન દેસાઈ
એડવોકેટ
વડોદરા

----------------------------

NOG SS No: 0013
પ્રકાર : ગદ્ય
શીર્ષક : શુભ ઘડી

સાહિત્ય સરિતા
નું પ્રથમ મિલન
પ્રદીપ ભાઈ ની
મહેનત લાવશે રંગ
મીનાક્ષી બેન ની
આકાંક્ષા સંગ.
રંગારંગ કાર્યક્રમ થશે
રંગબેરંગ .
ઘણા વર્ષોની
તપશ્ચર્યા અને
એક અમદાવાદી
ની આરાધના
પત્થરમાં થી પાણી
કાઢી શોભવશે આ
ઉમદા પ્રસંગ.
મુંબઈ તો પ્રદીપ
ભાઈ નું છે જ ઋણી
બધા જ આવી ને
બતાવશે એમની
સર્વોત્તમ કારીગીરી
અને એમાંય જો
આવી શાકવાળી અને
સાથે રાવણ તો
બદલાવી નાખશે
આખે આખો રંગમંચ.
કૌશિક ભાઈ કહોકે
રાજુલ કૌશિક કહો
એક બીજાના પૂરક
બની રહેશે આ
કાર્યક્રમના સાત સાગર
પાર ના શુભેચ્છક.
કેવો સરસ પ્રસંગ
સવારનું શિરામણ
સાથે છપ્પન ભોગ
નો રસ સભર થાળ
પાર વગરની
અમદાવાદી ચા
અને સંગીતે મઢ્યો
અમદાવાદી ગરબાનો
લહેકો અને દોઢિયું.
મન મૂકીને બધાને
રમતા કરી દેશે.
ચાલો આપણે પણ
પ્રત્યક્ષ નહી તો
પરોક્ષ રીતે આ
પ્રસંગ ના ભાગીદાર
થઈએ અને માં શારદા
ના ગુણગાન પણ ગાઈએ
અને માં અંબા , મારી
જગદંબા ને પ્રાર્થના કે
આ પ્રસંગ ને સોળે કળાએ
ખીલવે અને ચાર ચાંદ
લગાવી દે.

ઘનશ્યામ વ્યાસ
'શ્યામ'

## નાગરિકોની સતામણી કે તેમને ત્રાસ આપવા કાયદાનો દુરુપયોગ થઈ શકે નહીં : બોમ્બે હાઈકોર્ટ

મુંબઇ,તા.૨૩

ઓફિશ્યલ સિક્રેટ્સ એક્ટ હેઠળ જાસૂસી કરવા બદલ સોલાપુર સ્થિત યુવાન સામે નોંધાયેલી એફઆઈઆર રદ કરીને બોમ્બે હાઈ કોર્ટે ટિપ્પણી કરી હતી કે નાગરિકોની સતામણી કે તેમને ત્રાસ આપવા કાયદાનો દુરુપયોગ થઈ શકે નહીં. અકલુજમાં પોલીસ સ્ટેશનનો બહારથી ફોટો પાડવા બદલ અરજદાર સામે જાસૂસી કરવાનો કેસ નોંધવામાં આવ્યો હોવાનું જાણીને કોર્ટે આઘાત વ્યક્ત કર્યો હતો. આવી કલમ લાગુ કરવાથી એ વ્યક્તિ પર ગંભીર પરિણામ આવી શકે છે. તેની પ્રતિષ્ઠા, રોજગાર, કારકિર્દી વગેરે નષ્ટ થઈ શકે છે. કાયદાને આડેધડ લાગુ કરીને કોઈની જીંદગી અને કારકિર્દી બગાડી શકાય નહીં. કાયદાનો દુરુપયોગ વ્યક્તિની સતામણી કરવામાટે થવો જોઈએ નહીં, એમ જજે નોંધ્યું હતું.

ઓફિશ્યલ સિક્રેટ્સ એક્ટ(ઓએસએ)ની જોગવાઈએ બિનજરૂરી લાગુ કરવાનાકેસમાં વધારો થયાનું નોંધીને કોર્ટે પોતાના ઉક્ત આદેશની નકલ ડિરેક્ટર જનરલ, કમિશનર ઓફ પોલીસ, મુંબઈ અને ગૃહ ખાતાને મોકલવાનો આદેશ આપ્યો છે જેથી આ દિશામાં યોગ્ય પગલાં લઈ શકાય. કોર્ટે આ પ્રકરણમાં સરકાર પર રૂ. ૨૫ હજારનો દંડ પણ લાગ્યો છે. જે આ કેસમાં ઓએસએ લાગુ કરનારા અધિકારીઓ પાસેથી વસૂલ કરી શકાય છે.

રોહન કાળે નામની વ્યક્તિ જમીન વિવાદમાં ફરિયાદ નોંધાવવા પોલીસ સ્ટેશન ગઈ હતી. એ વખતે તેણેં મિત્રતા ભાવથી વિરોધીપક્ષ સાથે વાત કરતી પોલીસનો ફોટો પાડયો હતો. ઓએસએની કલમ ત્રણ હેઠળ પોલીસ સ્ટેશનમાં થતી ચર્ચાની વિડિયોગ્રાફી અથવા પોલીસ સ્ટેશનમાં ફોટોગ્રાફી કરવા માટે લાગુ કરાય છે. જ્યાં ઘટના બની હોય તે સ્થળ પ્રતિબંધિત સ્થળ હોવાનું જોઈએ પોલીસ સ્ટેશન આ વ્યાખ્યામાં બેસતું નથી.

## કોરોનાને લઈને ભારત સરકાર એક્શન મોડમાં, ૨૭ ડિસેમ્બરે દેશભરની હૉસ્પિટલોમાં મૉક ડ્રીલ થશે

નવીદિલ્હી,તા.૨૩

કોરોના વાયરસે ચીનમાં મચાવેલા હાહાકાર બાદ વિશ્વભરના દેશોમાં ચિંતા વધી ગઈ છે. ભારત પણ એલર્ટ મોડ પર આવી ગયુ છે. ભારતમાં કોરોનાની એન્ટ્રી રોકવા માટે કેન્દ્ર સરકારે તૈયારીઓ શરુ કરી દીધી છે.એક ટ્વીટમાં સૂત્રોને ટાંકીને જણાવ્યુ હતુ કે મંગળવારે (૨૭ ડિસેમ્બર) કોરોના સંબંધિત ઈમરજન્સી તૈયારીઓની સમીક્ષા માટે દેશભરની હૉસ્પિટલોમાં એક મૉક ડ્રીલનુ આયોજન કરવામાં આવશે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયા પણ આ ડ્રીલમાં સામેલ થઈ શકે છે. એક ટ્વિટમાં જણાવ્યુ કે ભારત સરકારે ભારત બાયોટેકની નેઝલ વેક્સીનના મંજૂરી આપી દીધી છે. આ રસી બૂસ્ટર ડોઝ તરીકે આપી શકાય છે. આ રસી સૌથી પહેલા ખાનગી હૉસ્પિટલોમાં શરૂ કરવામાં આવશે. આજથી જ આ રસીને કોવિડ-૧૯ રસીકરણ કાર્યક્રમમાં પણ સામેલ કરવામાં આવશે.

સૂત્રોને ટાંકીને એવી પણ માહિતી આપવામાં આવી છે કે નવા વર્ષ અને આગામી તહેવારોને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય કોવિડ-૧૯ માટે નવી એડવાઇઝરી જાહેર કરશે. મહિલાઓ કરતા પુરુષોએ ભાજપ પર વધુ ભરોસો કર્યો, દેશભરમાં ૨૨૦ કરોડ લોકોને કોરોનાની રસી આપવામાં આવી તમને જણાવી દઈએ કે પીએમ મોદીએ ગુરુવારે કોરોના વાયરસની તૈયારીઓને લઈને ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી હતી. શુક્રવારે આરોગ્ય મંત્રી તમામ રાજયોના આરોગ્ય મંત્રીઓ સાથે બેઠક પણ કરશે. કોરોનાને લઈને સરકારની તૈયારીઓ અંગેના સવાલ પર કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ કહ્યુ કે દેશભરમાં ૨૨૦ કરોડ લોકોને કોરોનાની રસી આપવામાં આવી છે.

તેમણે કહ્યુ કે અમારી સરકારનો ઉદ્દેશ્ય આરોગ્ય સંભાળને સર્વગ્રાહી આરોગ્ય સંભાળમાં પરિવર્તિત કરવાનો છે. અનુરાગ ઠાકુરે સાધ્યુ કોંગ્રેસ પર નિશાન કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે કોંગ્રેસની ભારત જોડો યાત્રા વિશે પૂછવામાં આવેલા એક પ્રશ્ન પર કહ્યુ કે ભારત જોડો યાત્રા એક મહિનાથી વધુ સમયથી ચાલી રહી છે. તેમાં કોણ જોડાઈ રહ્યુ છે તેની અમને પરવા નથી. હવે જો આખી દુનિયામાં ફરી એકવાર કોવિડનુ સંકટ આવ્યુ હોય અને ભારત સરકાર તે માટે પગલાં લઈ રહી હોય તો કોંગ્રેસ પાર્ટી શા માટે તેનો વિરોધ કરી રહી છે? શું કોંગ્રેસ ક્યારેય પ્રજા અને દેશના હિતમાં કોઈ નિર્ણય સ્વીકારશે નહિ? શું ગાંધી પરિવારની જીદ સામે આખો દેશ ઝૂકશે?

## શિયાળુ સત્ર સમાપ્ત, ૭ દિવસ પહેલા બંને ગૃહો અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવામાં આવ્યા

સંસદનું શિયાળુ સત્ર નિર્ધારિત તારીખના એક સપ્તાહ પહેલા ૨૩ ડિસેમ્બરે સમાપ્ત થયું હતું. શુક્રવારે લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવામાં આવી હતી. તમને જણાવી દઈએ કે સંસદનું શિયાળુ સત્ર ૭ ડિસેમ્બરથી શરૂ થઈને ૨૯ ડિસેમ્બરે સમાપ્ત થવાનું હતું, પરંતુ ક્રિસમસના કારણે ઘણા સભ્યોએ સત્રને સમય પહેલા સ્થગિત કરવાની વિનંતી કરી હતી.

લોકસભા સ્પીકર ઓમ બિરલાએ નીચલા ગૃહમાં કહ્યું કે ૧૭મી લોકસભાનું ૧૦મું સત્ર સમાપ્ત થઈ રહ્યું છે, જે ૭ ડિસેમ્બરથી શરૂ થયું હતું. તેમણે કહ્યું, 'આ સત્ર દરમિયાન ૧૩ મીટિંગ થઈ, જેમાં ૬૮ કલાક ૪૨ મિનિટ કામ થયું. આ સત્રની કાર્ય ઉત્પાદકતા લગભગ ૯૭ ટકા હતી.તેમણે જણાવ્યું કે સમાજવાદી પાર્ટીના ડિમ્પલ યાદવે સત્રમાં નવા ચૂંટાયેલા સભ્ય તરીકે શપથ લીધા.બિરલાએ કહ્યું કે સત્ર દરમિયાન મહત્વપૂર્ણ નાણાકીય અને કાયદાકીય કાર્ય પૂર્ણ થયું. આ દરમિયાન, લોકસભાએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે રૂ. ૩.૨૫ લાખ કરોડની અનુદાન માટેની પૂરક માંગણીઓ અને ૨૦૧૯-૨૦ માટે અનુદાન માટેની વધારાની માંગણીઓને મંજૂરી આપી હતી. ૧૦ કલાક ૫૩ મિનિટ સુધી ચર્ચા થઈ હતી.

સત્ર દરમિયાન, ૯ સરકારી બિલ રજૂ કરવામાં આવ્યા હતા અને ગૃહ દ્વારા સાત બિલ પસાર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત સભ્યોએ શૂન્યકાળ દરમિયાન જાહેર મહત્વની ૩૭૪ બાબતો ઉઠાવી હતી. ઉપરાંત, નિયમ ૩૭૭ હેઠળ, સભ્યોએ ૨૯૮ મુદ્દા ઉઠાવ્યા હતા. રાજ્યસભાના શિયાળુ સત્રની બેઠક પણ મુલતવી રાખવામાં આવી હતી અને આ દરમિયાન ગૃહમાં ૧૦૨ ટકા કામકાજ થયું હતું.

ગૃહને અનિશ્ચિત સમય માટે સ્થગિત કરતા પહેલા અધ્યક્ષ જગદીપ ધનખરે તેમના પરંપરાગત સંબોધનમાં કહ્યું કે આ સમયગાળા દરમિયાન કામ ૬૩ કલાક ૨૦ મિનિટ માટે નક્કી કરવામાં આવ્યું હતું, જ્યારે કામ ૬૪ કલાક ૫૦ મિનિટ માટે કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે આ દરમિયાન ગૃહમાં ઘણા મહત્વપૂર્ણ બિલો પર ચર્ચા કરવામાં આવી હતી અને પસાર કરવામાં આવી હતી અને ગૃહમાં ઘણી મહત્વપૂર્ણ બાબતો પર ચર્ચા કરવામાં આવી હતી.

## જૂનાગઢ: હંમેશા વિવાદમાં રહેનારી કિર્તી પટેલની ધરપકડ

જૂનાગઢ,તા.૨૩

વિવાદિત ટિકટોક ગર્લ કિર્તી પટેલ સહિત ૧૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે. જૂનાગઢમાં ટિકટોક સ્ટાર કીર્તિ પટેલ સામે પોલીસે કાર્યવાહી કરી છે.

ઘણાં સમયથી ઈન્સ્ટાગ્રામ પર બેફામ વાણી વિલાસ કરતાં વીડિયો અપલોડ કર્યા હતા. કીર્તિ પટેલ પોતાના સાગરીતો સાથે ગેરકાયદેસર મંડળી રચીને ભેંસાણના પરિવાર સાથે ઝઘડો કરવા આવી પહોંચી હતી. કીર્તિ પટેલ સહિત ૧૦ લોકો સામે રાયોટિંગ સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો હતો.

કીર્તિ પટેલે જમનભાઈ ભાયાણી વિરૂધ્ધ મારી નાંખવાની ધમકી આપી હતી.

ભેંસાણના એક પરિવારને ટિકટોક સ્ટાર કીર્તિ પટેલ ઘણા સમયથી ઈન્સ્ટાગ્રામમમાં બેફામ વાણી વિલાસ કરતા વીડિયો અપલોડ કરી રહી હતી. હવે ગેરકાયદેસર મંડળી રચીને પોતાના સાગરિતો સાથે ભેંસાણના પરિવાર સાથે ઝઘડો કરવા માટે આવી પહોંચતા પોલીસે તેમની સામે ગેરકાયદેસર મંડળી રચવી લાયોટીંગ સહિતના વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરી ૧૦ વ્યક્તિઓની ધરપકડ કરી લીધી છે.

ભેસાણનાં નવા બસસ્ટેશન સામે રહેતા ૪૮ વર્ષનાં જમનભાઈ બાવાભાઈ ભાયાણી વિરુદ્ધ કિર્તી પટેલ ઘણા સમયથી પોતાના ઈન્સ્ટાગ્રામ આઈડીમાંથી બેફામ વાણી વિલાસ કરતી હતી. તેમજ જમનભાઈ ભાયાણીને વીડિયોના માધ્યમથી અપશબ્દો બોલીને માર મારવાની ધમકી આપતી હતી.

કીર્તિ પટેલ સાગરીતો સાથે ભેંસાણ આવી પહોંચતા ભેસાણ પોલીસ અને એલ.સી.બી.એ કીર્તિ પટેલ અને તેના સાગરીતોને ઝડપી લીધા હતા. જમનભાઈની ફરિયાદ લઈને પોલીસે કીર્તિ પટેલ (સુરત), અજય મંગુ જેબલીયા (સુરત) ,અવનીક ભરત વધાસીયા (સુરત), ભરત ધીરુ મજેઠીયા (નાના ભાદરકા) , જીતેન્દ્રસિંહ રાઠોડ (અમદાવાદ) , જતિન લાઠીયા (સુરત), વૈશાખ અરવિંદ રફાળીયા (સુરત), યશ વિપુલભાઈ મુજપરા (સુરત), સુરેન્દ્રસિંહ જસુ સિસોદિયા (સાણંદ), જયદિપ લાઠીયા (સુરત) વિરુદ્ધ ગેરકાયદે મંડળી રચીને માર મારી મારવાની ધમકી આપ્યાની ફરિયાદ દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

## ઉત્તરાખંડમાં તાકિદે પોલીસ કર્મચારીઓની ભરતી કરાશે : મુખ્યમંત્રી પુષ્કર ધામી

દહેરાદુન,તા.૨૩

ઉત્તરાખંડ મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ ત્રણ દિવસીય મીટની શરૂઆત કરી.આ પ્રસંગ પર મુખ્ય અતિથિ તરીકે પુષ્કર સિંહ ધામી પોલીસ મુખ્ય મથકે પહોંચ્યા હતાં આ દરમિયાન ડીજીપી અશોકકુમાર અને અપર મુખ્ય સચિવ ગૃહ રાધા રતુડી સહિત ઉત્તરાખંડના તમામ પોલીસ અધિકારી હાજર રહ્યાં પોલીસ મીટની શરૂઆતમાં પોલીસ અધિકારીઓએ મુખ્યમંત્રી ધામીની સામે પોલીસના પડકારો અને સમાધાન વિષય પર પ્રેજેમંટેશન આપી ત્યારબાદ ધામીએ પણ પોલીસ અધિકારીઓને સંબોધીન કર્યું હતું.મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ આ દરમિયાન મીડિયાથી વાત કરતા કહ્યું કે ઉત્તરાખંડ પોલીસની પ્રશંસા કરી અને કહ્યું કે પોલીસ સારા કામ કરી રહ્યાં છે. પ્રદેશમાં અપરાધ અને કાનુન વ્યવસ્થા દેશના અનેક રાજયોથી સારી છે.મુખ્યમંત્રીએ પોલીસ કર્મચારીઓને સંબોધિત કરતા કહ્યું કે અમારી પોલીસ પારદર્શી વ્યવસ્થા પ્રમાણે કામ કરે છે કોઇ પણ ઘટના માટે પોલીસનું રિસ્પાંસ ટાઇમ ઓછામાં ઓછા હોય પોલીસના આધુનિકીકરણ માટે મુખ્યમંત્રીએ કહ્યું કે રાજય સરકાર તેના પર પણ કાર્ય કરી રહી છે.

તાકિદે જ પોલીસ કર્મચારીઓની ભરતી પણ કતરવામાં આવશે જેથી પોલીસ કર્મચારીઓની કમીને પુરી કરવામાં આવશેમુખ્યમંત્રી ધામીએ નૈનીતાલ હાઇકોર્ટ દ્વારા અંકિતા ભંડારી હત્યા મામલાની સીબીઆઇ તપાસ અરજી રદ કરવા અને એસઆઇટી તપાસ પર વિશ્વાસ વ્યકત કરવાના નિર્ણયનો મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ સ્વાગત કર્યું છે.મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીનું કહેવુ છે કે અંકિતાની હત્યાની ચાર્જશીટ પોલીસ દ્વારા ફાઇલ કરવામાં આવી છે.સરકારનો પ્રયાસ છે કે અંકિતા હત્યાકાંડ મામલાના આરોપીઓને કડકમાં કડક સજા મળે

આ પ્રસંગ પર પ્રદેશના ડીજીપી અશોકકુમારે કહ્યું કે પોલીસ મીટ દરમિયાન પ્રદેશના તમામ પોલીસ અધિકારી આગામી ચાર દિવસ પ્રદેશની સ્થિતિ અને પોલીસના પડકારો પર ચર્ચા કરશે પ્રદેશમાં કેવી રીતે અપરાધ અને કાયદો વ્યવસ્થાના મામલામાં વધુ દક્ષતા લાવવામાં આવે તેમણે કહ્યું કે પોલીસ મીટ દરમિયાન જનતાની સાથે પણ સંવાદ કાર્યક્રમ રાખવામાં આવ્યો છે જેમાં જનતાના પણ સુચન લઇ પોલીસની દક્ષતાને વધુ મજબુત કરવા તરફ કાર્ય કરવામાં આવશે

# ગુજરાત સરકારનો 'બેટી બચાવો'નો નારો માત્ર કાગળ ઉપર

## ગુજરાત રાજ્યમાં રોજના સરેરાશ પાંચ દુષ્કર્મ – અમદાવાદમાં બે દુષ્કર્મ

આજરોજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકારોને સંબોધન કરતા પ્રદેશ પ્રવકતા પાર્થિવરાજસિંહ કઠવડિયા એ મહિલા સુરક્ષાને માત્ર × બેટી બચાઓ× ના નારા ઉપર સીમિત કરતી ગુજરાત સરકાર મહિલા ઉપર બનતા ગુન્હાઓ માં સરકાર નિષ્ફળ ગયી છે. રાજ્ય સરકારના ગૃહ મંત્રી હર્ષ સંઘવીના શહેર સુરતમાં દીકરીનું ધોળા દિવસે ગળું કાપવાની ઘટના બની છે, દિકરી ગંભીર રૂપથી ઈજાગ્રસ્ત છે. ઈશ્વરને પ્રાર્થના કે વહેલામાં વહેલી સ્વસ્થ થાય. ભૂતકાળમાં પણ દીકરીનું સુરત અને ખેડા માતરમાં ગળું કાપીને નિર્મમ હત્યા કરવામાં આવી હતી. અમદાવાદમાં માં-દીકરીની નિર્મમ હત્યા થાય અને શબ ફ્રીઝ અને કબાટમાં મળે. રાજકોટમાં વ્યાઝખોરો દ્વારા એક પરણિત મહિલાનું શારીરિક શોષણ કરવામાં આવે, જૂનાગઢમાં એક દીકરીને સામૂહિક પીંખી નાખવામાં આવે, આ છેલ્લા ત્રણ દિવસનો ઘટનાક્રમ છે. આ ઘટના ક્રમ ગુજરાત સરકારની મહિલા સુરક્ષાની નિષ્ફળતાને સ્પષ્ટ દર્શાવે છે.

ગુજરાતમાં મહિલા ઉપરના ગુન્હાઓ દિવસે અને દિવસે વધી રહ્યા છે. છેલ્લા એક વર્ષમાં મહિલા ઉપરના ગુન્હાઓમાં ૧૫%નો વધારોએ રાજ્યના ગૃહ વિભાગની નિષ્ફળતા નથી તો બીજું શું છે? છેલ્લા એક વર્ષમાં અમદાવાદમાં જ ૬૧૪ જેટલી દુષ્કર્મની ઘટનાઓ બની છે જે દિવસની સરેરાશ બે ઘટનાઓ ગણાય. ગુજરાત રાજ્યમાં રોજના સરેરાશ ૫ જેટલા દુષ્કર્મના ગુનાહ બની રહ્યા છે. ગુજરાત રાજ્ય માં છેલ્લા ૨ વર્ષમાં આશરે ૩૮૦૦ જેટલી દુષ્કર્મની ઘટનાઓ અને ૬૦ થી વધુ સામૂહિક દુષ્કર્મની ઘટનાઓ ઘટી છે.

સમગ્ર દેશમાં અઢાર વર્ષથી નાની દીકરીઓ ઉપર દુષ્કર્મમાં અમદાવાદ પાંચમા ક્રમે છે, જ્યારે અઢાર વર્ષથી નાની દીકરીઓની જાતીય સતામણીમાં છઠ્ઠા ક્રમે છે. સરકારની આ ગંભીર ગુન્હાઓ તરફની નીરસતા, સજા દર ઉપરથી ખ્યાલ આવે છે. મહિલા ઉપરના ગુન્હાઓના આરોપીઓમાં ૧૦૦ બળાત્કારના આરોપીમાંથી ૭૯ આરોપીઓ છૂટી જાય છે.

ભાજપ સરકારના મંત્રીશ્રી, પોતાના વિજય ઉત્સવ ઉજવવામાંથી બહાર આવી ગયા હોય તો આ અતિ સંવેદશીલ મુદ્દા ઉપર ધ્યાન આપે. ચમરબંધીને છોડીશું નહિ - કડક પગલાં લેશું જેવા નિવેદન થી કઈ નહિ થાય પણ કડક, નિષ્પક્ષ કાર્યવાહી થાય તે જરૂરી છે. સરકાર કામે લાગે અને વાતોના થાય તે જરૂરી છે. ગુજરાતનો ઈતિહાસ બેન દીકરીઓ માટે બલિદાન આપવાનો છે, આ પ્રકાર ની ઘટનાઓ ગુજરાતની અસ્મિતાને લજવે તેમ છે.

પાર્થીવરાજસિંહ કઠવાડીયા

# રાજકોટઃ કાર અને ડમ્પર વચ્ચે અકસ્માત થતા બે નિવૃત્ત એએસઆઈ સહિત ચાર વ્યક્તિઓના મોત, પાંચ ઘાયલ

રાજકોટ,તા.૨૩

રાજકોટઃ શહેર પોલીસ કમિશનરેટ એરિયામાં આવતા માલિયાસણ ગામ પાસે ડમ્પર અને ઈકો કાર વચ્ચે અકસ્માત સર્જાયો હોવાની ઘટના સામે આવી છે. સમગ્ર ઘટનામાં બે નિવૃત્ત આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર સહિત ત્રણ વ્યક્તિઓના મોત નીપજીયા હોવાનું પણ સામે આવ્યું છે. તેમજ સમગ્ર બનાવમાં છ વ્યક્તિઓને ઈજા પણ પહોંચી હોવાનું જાણવા મળી રહ્યું છે.પોલીસ સુત્રો તરફથી મળતી માહિતી મુજબ, રાજકોટ શહેરના કુવાડવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા માલિયસણ પાસે ડમ્પર અને ઈર્કો કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો.

# દિવ્યાંગજન સશક્તિકરણ કેન્દ્ર (CRDA) દ્વારા શ્રી નવજીવન વિકલાંગ સેવાશ્રય સંસ્થા ના સહયોગ થી દિવ્યાંગજ નો માટે આજીવીકા ઉધોગ સાહસિકતા ના કાર્યક્રમ યોજાયો

## CEDA અંતર્ગત ઉદ્યોગસાહસિકતા વિકાસ કાર્યક્રમના વિષય પર ૧૨ દિવસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં કુલ ૩૦ દિવ્યાંગજનોએ ભાગ લીધો.




સમાજ સુરક્ષા ખાતું, ગુજરાત સરકાર,

ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણાં અને વિકાસ નિગમ તથા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકાર દ્વારા ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થાન ખાતે સ્થાપવામાં આવેલ.

તારીખઃ- ૧૦/૧૨/૨૦૨૨ થી ૨૧/૧૨/૨૦૨૨ ના દિવ્યાંગજન સશક્તિકરણ કેન્દ્ર (ઝઈફ્છ) દ્વારા શ્રી નવજીવન વિકલાંગ સેવાશ્રય સંસ્થાના સહયોગથી નવજીવન કેમ્પસ હળવદ ખાતે,

દિવ્યાંગજનો માટે આજીવિકા અને ઉદ્યોગસાહસિકતાના વિકાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. છેવાડાના વિસ્તાર એવા હળવદ તાલુકાના દિવ્યાંગ ભાઈ-બહેનોને, સરકારની રોજગારી અને સ્વરોજગારી માટેની વિવિધ યોજનાઓનું માર્ગદર્શન આપવામાં આવેલ ત્યારે દિવ્યાંગજનોને રોજગારીલક્ષી અને ઉધોગોલક્ષી માહિતી અને યોજનાઓનો જાણકારી નો અભાવ હોય તેઓ સંપૂર્ણ શિક્ષિત ના હોવાના કારણે આજના કોમ્પ્યુટર યુગમાં યોજનાઓનો લાભ મેળવી શકતા નથી, તેમજ દિવ્યાંગોને અલગ અલગ કંપનીની રૂબરૂ મુલાકાત કરાવીને વાસ્તવિક ઔધોગિક જ્ઞાન પૂરું પાડ્યું હતું જેના કારણે સંસ્થા દ્વારા યોજાયેલ તાલીમ કાર્યક્રમ દિવ્યાંગજનો માટે આશીર્વાદ રૂપ સાબિત થશે. સાથે શ્રી નવજીવન વિકલાંગ સેવાશ્રય સંસ્થા યોજનાઓનો લાભ આપવા માટે મદદરૂપ થવા અલગ અલગ તજજ્ઞો દ્વારા સચોટ માગદર્શન સાથે વિશ્વાસ વ્યક્ત કરાયો હતો જેમાં મુખ્ય અતિથિ તરીકે એસ.પી શ્રી રાજદીપસિંહ ઝાલા સાહેબ વલસાડ,્ર્દ્ધ શ્રી સિંધવ સાહેબ, તાલુકા પંચાયત હળવદ કારોબારી ચેરમેન શ્રી મનસુખભાઈ કણજારીયા છઁસ્ઞ હળવદના સેક્રેટરી મહેશભાઇ પટેલ,પાટિયા ગ્રુપના ધર્મેશભાઈ શાહ ,માર્કેટિંગના તજજ્ઞો રમેશભાઈ મોરી,પ્રફુલભાઇ પટેલ તેમજ હળવદના અગ્રણી ઉધોગપતિ નરભેરામભાઇ અઘારા,તેમજ મોટીવેશનલ સ્પીકર રામજીભાઇ સોનગ્રા, બૅક્રિંગ અને તમામ પ્રકારની લોનના નિષ્ણાંત નિલેષભાઈ મહેતા, શ્રી નવજીવન વિકલાંગ સેવાશ્રયના સ્થાપક મંત્રી શ્રી જીતેન્દ્રભાઈ જોષી, નવજીવન વિકલાંગ સેવાશ્રયના ડાયરેક્ટર વિશાલભાઈ જોષી, જયેશભાઇ રંગાડીયા, બળવંતભાઈ જોષી, નિષ્ણાત સહિતના મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતીમાં આ સફળતમ આયોજન કરાયું હતું. અને દિવ્યાંગોનું માર્ગદર્શન પૂરું પાડેલ. દિવ્યાંગજનોએ આ કાર્યક્રમને સહર્ષ વધાવ્યો હતો તેમજ સમસ્ત કાર્યકર-મિત્રો એ વ્યવસ્થા સાંભળીને આ રોજગારલક્ષી સેમિનારને સફળ ને પરિણામલક્ષી બનાવેલ.



ગુજરાત વિધાનસભાના નાયબ દંડક શ્રી રમણભાઈ સોલંકીએ વડતાલધામ દર્શન કરીને મુખ્યકોઠારીશ્રી ડો સંત સ્વામી અને ચેરમેનશ્રી દેવ સ્વામીજીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા.



આલ્ફા ઈન્ટરનેશનલ સ્કૂલ માં ધોરણ ૧ થી ૧૦ ના તમામ વિધાર્થીઓને શિયાળાની રાત્રિમાં આકાશદર્શન દ્વારા તારાઓની માહિતી આપવાના શુભ હેતુથી ' શાળા બીજું ઘર ' થીમ અંતર્ગત ટેન્ટ માં રાત્રિ રોકાણ, કેમ્પ ફાયર, રમત ગમત અને ઋતુ સામંજસ્ય નું શિક્ષણ પ્રશિક્ષણ આપવામાં આવ્યું.

# ગુજરાતમાં સાયબર ગુન્હાઓમાં ક્રાઈમમાં ૨૭૪ ટકાનો વધારો નોધાયો

ડીઝીટલ ઈન્ડિયાની સુફિયાણી વાતો કરતી ભાજપ સરકારની પોલ ખોલતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તાશ્રી હિરેન બેંકરએ જણાવ્યું હતું કે ગુજરાતના નાગરીકોને સાઈબર સુરક્ષામાં ભાજપ સરકાર સદંતર નિષ્ફળ નીવડી છે. ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને કોમ્યુનિકેશનના યુગમાં ઈન્ટરનેટ વપરાશ આવશ્યક બન્યું છે ત્યારે ઓનલાઈન સર્ફિંગ, સોશીયલ મીડિયા, સેક્સક્યુઅલ હેરેસમેન્ટ ઈ-બેક્રિંગ સહિતના સાઈબર ગુન્હાઓમાં ગુજરાત ૧૫૩૬ ગુન્હાઓ સાથે દેશમાં ૮માં ક્રમાંકે છે. ગુજરાતમાં સાયબર ગુન્હાઓમાં ક્રાઈમમાં ૨૭૪ ટકાનો વધારો નોધાયો. વર્ષ ૨૦૧૯માં ૭૮૪ જેટલા ડીઝીટલ ક્રાઈમમાં જે વર્ષ ૨૦૨૧માં વધીને ૧૫૩૬ જેટલા થયા છે. જે ખુબ ચિંતાજનક છે. લોકસભામાં આપવામાં આવેલ સાયબર સુરક્ષાની વિગતો અનુસાર ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં સાયબર ગુન્હાના દોષિતની સંખ્યા શૂન્ય છે.છેલ્લા બે વર્ષ દેશમાં સાયબર ક્રાઈમની ૧૬ લાખથી વધુ ઘટનાઓ બની છે જેની સામે માત્ર ૩૨ હજાર જેટલી ફરિયાદ નોંધાયેલ છે. ગુજરાતમાં વર્ષ ૨૦૧૭-૧૮ માં ૪૫૮, વર્ષ સાયબર ક્રાઈમ થયા હતા. વર્ષ ૨૦૨૧માં ગુજરાતમાં ૯૬૩ જેટલા ઓનલાઈન ફ્રોડ થયા છે. મહિલાઓની જાતીય સતામણી-સેક્સક્યુઅલ હેરેસમેન્ટ, દ્રુણા, એટોરર્શનના ૧૦૪ કેશ જેટલા કેશ નોધાયા છે. ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષ જેમાં વર્ષ ૨૦૧૭માં ૪૫૮, વર્ષ ૨૦૧૮માં ૭૦૨, વર્ષ ૨૦૧૯ ૭૮૪માં, વર્ષ ૨૦૨૦માં ૧૨૮૩, વર્ષ ૨૦૨૧માં ૧૫૩૬ જેટલા સાઈબર ગુન્હાઓ નોધાયા હતા. મહિલા જાતીય સતામણી, મોબાઈલ, કોમ્પ્યુટર, ટેબલેટ, લેપટોપ દ્વારા ઈન્ટરનેટના માધ્યમથી કાયદા-કાનુનનો ભંગ કરીને થતી છેતરપીંડી ઓનલાઈન ફ્રોડ, આર્થીક ગુનાઓની ઘટનાઓ ગુજરાતમાં વધી રહી છે. આ પ્રકારની ઘટનાઓની ફરિયાદ ક્યાં કરવી? સાયબર ફ્રોડથી બચવાની માહિતી ગુજરાતના નાગરિકોને મળીએ તે આવશ્યક છે ત્યારે ગુજરાતમાં સાઈબર ગુન્હાઓની તપાસ, કાર્યવાહી વગેરે માટે માત્ર ૧૪ જેટલા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન છે.

ઈન્ફોર્મેશન અને ટેકનોલોજીના યુગમાં સાયબર સુરક્ષા એ આવશ્યક બની છે ત્યારે જુદા જુદા માધ્યમોથી નાગરિકોને સાયબર સુરક્ષા અંગે અવગત કરાવવામાં આવે, ભાજપ સરકાર તમામ જીલ્લાઓમાં સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનની સ્થાપના કરે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

(હિરેન બેંકર)

# ઉમંગભાઈ ઠક્કરને લોહાણા મહાપરીષદ એ રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી બનાવવા બદલ અભિનંદન



સમગ્ર વિશ્વના ૩૦ લાખ રઘુવંશીઓની માતૃ સંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ભૂતપૂર્વ વરીષ્ઠ ઉપપ્રમુખ, અખિલ ગુજરાત લોહાણા સમજાના ભૂતપૂર્વ પ્રમુખ, અમદાવાદ સ્થિતિ જ્ઞાતિબંધુઓ પરિવાર સાથે માણી શકે તેવા વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરતી સંસ્થા લોહાણા મિલનમાં ઉમંગભાઈ ઠક્કર પ્રમુખ તરીકે સેવાઓ આપી ચુક્યા છે. સ્વામીનારાયણ ભગવાન સમર્પતિ દાર્મિક પ્રવૃતિઓ કરતા મીલનસાર, નમ્ર સેવાભાવી, સરળ પ્રકૃતીનાં ઉમંગભાઈ મુકબધીર બાળકો માટે ચાલતી ઉમંગ મુકબધીર શાળાના મેનેજીંગ ટ્રસ્ટી છે. ઉપરાંત અમદાવાદનીં કર્ણાવતી કલબ, રાજપથ કલબ, વાય.એમ.સી.એ. કલબ વગેરેમાં બોર્ડ મેમ્બર તરીકે સેવાઓ પ્રદાન કરી રહ્યા છે. વ્યવસાય ક્ષેત્રે અમદાવાદની ધર્મદેવ ઈન્ફ્રાસ્ટ્રકચર અને હોટલ પતંગના માલિક છે. સમગ્ર ગુજરાતમાં એફોર્ડેબલ હાઉસીંગના પ્રણેતા છે. ઈન્ફાસ્ટ્રકચર ક્ષેત્રની સંસ્થાઓ ક્રેડાઈ, અમદાવાદ બિલ્ડર્સ એસોસીએશન વગેરેમાં પણ મહત્વના હોદ્દા પર સેવા આપી રહ્યાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલમાં જ જ્ઞાતિ સેવા- સંગઠન-સલાહકારના અતિ આગ્રહી એવા ધર્મદેવ ગ્રુપના ચેરમેને એવા ઉમંગભાઈ ઠક્કરની લોહાણા મહાપરિષદ અને રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટી તરીકે મધ્યસ્થ મહા સમિતિમાં નિમણુંક થઈ છે. ઉમંગભાઈ ઠક્કરનો (મોઃ ૯૮૨૫૦ ૪૭૭૩૮).

# રાજકોટમાં ભડકેલી ગાયે પરેડ પૂર્ણ કરી પરત ફરતા ૩ પોલીસ કર્મચારીઓને અડફેટે લીધા, મહિલા કોન્સ્ટેબલના ૫ દાંત તૂટ્યા

રાજકોટ,તા.૨૩

ગુજરાતમાં રખડતા ઢોરના ત્રાસ મુદ્દે હાઈકોર્ટ આકરા પાણીએ આવ્યા છતા હજી આ આતંકમાંથી મુક્તિ મળી નથી. ગુજરાતના કોઈને કોઈ શહેરમાં દરરોજ રખડતા ઢોરોનો ત્રાસ રહે છે. રાજકોટ શહેરમાં એક અઠવાડિયામાં રખડતા ઢોરના ત્રાસની બીજી ઘટના સામે આવી છે. મવડી હેડ કવાર્ટરમાં વહેલી સવારે પરેડ પૂર્ણ કરી ઘરે પરત ફરતી મહિલા પોલીસને ગાયે અડફેટે લીધી હતી. આ બનાવમાં કુલ ૩ મહિલાઓ ઈજાગ્રસ્ત બની હોવાથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર શરૂ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા એક સપ્તાહમાં ૪૦૦ કરતા વધુ રખડતા ઢોર પકડ્યા હોવાનો દાવો કરવામાં આવે છે. પોલીસ કમિશ્નર રખડતા ઢોરના માલિક સામે કડક કાર્યવાહી કરવાનું જાહેરનામું બહાર પાડી દે છે. પરંતુ સ્થિતિ ઠેરની ઠેર જ છે. રખડતા ઢોરને કારણે રાજકોટ શહેરમાં એક સપ્તાહમાં બે બનાવો સામે આવ્યા છે. જેમાં ભોગ નિવૃત આર્મીમેન અને મહિલા પોલીસ ઈજાગ્રસ્ત થયા છે.

પોલીસ કોન્સ્ટેબલ રાજુ ઝીબાએ જણાવ્યું હતું કે, રાજકોટમાં આજે મવડી હેડ કવાર્ટર ખાતે પોલીસ પરેડ પૂર્ણ કરી ઘરે પરત ફરતા લોક રક્ષક પૂજા સદાદિયા અને કોન્સ્ટેબલ ગાયત્રી મોરારી એક્ટિવા લઈને જઇ રહ્યા હતા. ગાય રસ્તા પર હતી અને શ્વાન ભસતા ગાય ભડકી હતી. એક્ટિવા સાથે ગાય અથડાઈ અને બંને મહિલા પોલીસ નીચે પટકાઈ હતી. એટલું જ નહીં ગાય ભડકી તેને કરિશ્મા નામની રાહદારી મહિલાને પણ અડફેટે લીધી છે. ઈજાગ્રસ્ત મહિલાઓને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. રાજકોટ મહાનગરપાલિકા ઢોર પકડતી હોવાના દાવાઓ કરે છે પરંતુ તાજેતરમાં જ ૧૬ ડિસેમ્બરના ભોમેશ્વર વિસ્તારમાં રહેતા નવલસિંહ ઝાલા નામના નિવૃત્ત આર્મીબેન પોતાના પૌત્ર સાથે વસ્તુ લેવા જઈ રહ્યા હતા ત્યારે ભડકેલી ગાયે અળફેટે લેતા ગંભીર ઈજા પહોંચતી હતી તેમની સારવાર હજુ ખાનગી હોસ્પિટલમાં ચાલી રહી છે ઘટના બનતા જ રાજકોટના મેયરે ઢોર પકડ ની ઝુંબેશ શરૂ કરવા કહ્યું હતુ. જોકે ફરી એક વખત રખડતા ઢોરનો ત્રાસ સામે આવતા આરએમસીની ઢોર પકડ કામગીરી સામે સવાલ ઉઠી રહ્યા છે.

# જેસપોર પ્રાથમિક વિદ્યાલય મુકામે વિજ્ઞાન - ગણિત પર્યાવરણ પ્રદર્શન ખુલ્લું મુકાયું



વલસાડ તાલુકાની પ્રાથમિક શાળાઓનું સને ૨૦૨૨/૨૩ નું બીઆરસી કક્ષાનું વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણ પ્રદર્શન જેસપોર મુકામે શ્રી ભરતભાઈ પટેલ (ધારાસભ્યશ્રી વલસાડ)., શ્રી અરવિંદભાઈ પટેલ (ધારાસભ્યશ્રી ધરમપુર) ના વરદ હસ્તે ખુલ્લું મુકવામાં આવ્યું. સમારોહના પ્રમુખ તરીકે શ્રી બિપીનભાઈ પટેલે (એમડી.- પ્રમુખ ઈન્ફ્રા. પ્રા. લિ.) અને વિશેષ અતિથિ વેલસ્પન વાપી કંપની ના પ્રેસિડેન્ટ સંજય કાનૂનગો, પ્રથમ ફાઉન્ડેશન ઁપ્રિદ્ધિદ્ઘ રીઢ્ઢ ૈજર્રહ્નિરઠૈ હાજર રહી બાળકો અને શિક્ષકો તથા આયોજકોને શુભેચ્છાઓ પાઠવી હતી, શાળાને ઐતિહાસિક શાળા બતાવી જેસપોર ગામને આ કાર્યક્રમ થકી માન મળ્યાનું તેમણે જણાવ્યું હતું.

ધારાસભ્યશ્રી ભરતભાઈએ સોલાર એનર્જી વપરાશમાં ગુજરાત રાજ્ય દેશમાં નંબર ૧ હોય જેમાં બાળકોના વિજ્ઞાન કાર્યક્રમો પાયાની બાબતમાં રહેલા હોય એવુ એમણે સ્પષ્ટ કર્યું હતું. ધારાસભ્યશ્રી અરવિંદભાઈએ સરકારી શાળાઓની ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભકામના પાઠવી સાથે બાળકોની સુષુપ્ત શક્તિને પ્રોત્સાહન પૂરું પાડનાર શિક્ષકોની પ્રસંશા કરી હતી. સૌ હાજર મહાનુભાવોએ દરેક કૃતિ તાલુકાનું, જિલ્લાનું નામ રોશન કરી આગળ વધે એવી શુભેચ્છાઓ આપી હતી. આ પ્રસંગે શાળાની બાલિકાઓએ પ્રાર્થના, સ્વાગતગીતથી કાર્યક્રમની શરૂઆત કરી. મિતેશભાઈ પટેલે ( બીઆરસી કૉ. વલસાડ )સૌને આવકાર્યા, કૌશરજહાં એ કસલીએ (તાલુકા પ્રા. શિક્ષણધિકારી, વલસાડ ) પ્રાસંગિક પ્રવચન રજૂ કર્યું.

વિજ્ઞાન પ્રદર્શનના ૫ વિભાગની ૪૦ કૃતિઓ અલગ અલગ ૫ વર્ગખંડમાં પ્રદર્શિત થઇ હતી. વિજ્ઞાનના નિયમ અનુસાર કાર્ય કરતાં વિવિધ મોડેલ બાળ વૈજ્ઞાનિક અને સારસ્વત શિક્ષકમિત્રોના પ્રયાસથી રજૂ થયા હતા.પ્રદર્શનના આયોજનમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી , બીઆરસી કૉશ્રી સાથે રીતેશભાઈ પટેલ (પ્રમુખશ્રી,વલસાડ તાલુકા પ્રા. શિક્ષક સંઘ ),પ્રજ્ઞેશભાઈ પટેલ (સદર શાળાના મુશિ), શાળા પરિવાર, સ્કૂલ મેનેજમેન્ટ કમિટી જેસપોર, સ્નેહાબેન પટેલ( ગામના સરપંચશ્રી ), દાતાઓ, ગ્રામજનો અને વિવિધ સમિતિના કન્વીનર, સભ્યશ્રીઓએ કાર્યક્રમને સફળ કરવામાં ખૂબ મહેનત અને સાથ સહકાર આપ્યો.

# કલોલના વ્યક્તિનું વિદેશમાં ગેરકાયદે ઘૂસવાના પ્રયત્નમાં મોત, પત્ની અને પુત્ર ઈજાગ્રસ્ત

કલોલ,તા.૨૩

ફરીથી એકવાર અમેરિકામાં ગેરકાયદે ઘૂસણખોરી કરતા ગુજરાતના કલોલના આધેડનું મોત થયા હોવાની ઘટના સામે આવી છે એવી ઘટના સામે આવી છે જેમાં અમેરિકામાં ગેરકાયદે ઘૂસણખોરી કરતા યુવકનું દીવાલ કૂદતા મોત થયું હતું. આ આધેડનું નામ બ્રિજ કુમાર યાદવ તરીકે થઈ છે આઆધેડની પત્ની અમેરિકાની હદમાં પટકાતા હાથમાં ફ્રેક્ચર થયું હતું. કલોલના ૪૦ લોકો અમેરિકામાં ઘૂસવાનો પ્રયત્ન કરતા હતા તે સમયે આ ઘટના બની હતી. આ લોકો કેતુલ નામના એજન્ટ સાથે ડીલ કરી ગેરકાયદે અમેરિકા જવાનો પ્રયાસ કરતા હતા અને કેતુલ તથા અન્ય ૨ શખ્સો વિદેશ મોકલવાનું રેકેટ ચલાવતા હતાનોંધનીય છે કે અગાઉ મહેસાણાના યુવકનું તથા તેના પરિવારનું મોત થયું હતું.

યુએસ બોર્ડર પર માઇનસ ૩૫ ડિગ્રી તાપમાનમાં ઠંડીથી મહેસાણાના પરિવારનું મૃત્યુ થયું હોવાની ઘટના સામે આવી હતી. આ મૃતકો મૂળ મહેસાણાના ડિંગુચાના હોવાનું સામે આવ્યું હતું અને મૃતકોમાં પતિ-પત્ની અને બે સંતાનો હતા.જેમાં પતિ ઓળખ તેજસ પટેલ અને પત્નીની ઓળખ અલ્કા પટેલ તરીકે કરાઈ હતી તેમજ ૧૨ વર્ષની દીકરી અને એક ૩ વર્ષનો દીકરો હતો. આ પ્રકારની ઘટના વારંવાર સામે આવતી હોવા છતાં લોકો ગેરકાયદે વિદેશમાં ઘૂસવાનો પ્રયત્ન કરીને દુર્ઘટનાનો ભોગ બને છે.વિદેશ મોહમાં અનેક લોકો વારંવાર ગેરરિતી આચરતા હોવાનું સામે આવે છે. અગાઉ અમેરિકામાં જવાની લાલચમાં અમેરિકા અને કેનેડા બોર્ડર Canada પર અનેક લોકોના મોત થયા હોવાના સમાચાર સામે આવેલા છે. આમ છતા લોકોની વિદેશ જવાની ઘેલછા ઓછી થતી નથી.

# ચાર આઈપીએસ અધિકારીઓને સ્વરૂપવાન યુવતીએ હનીટ્રેપમાં ફસાવ્યાની ચર્ચા

*અમદાવાદ,તા.૨૩*

*ગુજરાતમાં હનીટ્રેપનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ગુજરાત પોલીસે એક-બે નહીં છ-છ આઈપીએસ ઓફિસર સુંદરતાની આ જાળમાં ફસાઈ ગયા. જણાવવામાં આવી રહ્યું છે કે હનીટ્રેપ કરનારી યુવતીએ ઓફિસરો પાસેથી મોટી રકમ પડાવી લીધી છે. તે બાદ પણ પોલીસના આ ઓફિસરો મોઢુ ખોલવા તૈયાર નથી. આ સમગ્ર ઘટના સામે આવ્યા બાદ ગુજરાત પોલીસના સિનિયર ઓફિસરોમાં હડકંપની સ્થિતિ છે.*

*મધ્યપ્રદેશના ઈન્દોરની આકાંક્ષા (નામ બદલ્યુ છે) આશરે આઠ મહિના પહેલા ગાંધીનગર સ્થિત કરાઈ ટ્રેનિંગ એકેડેમીમાં ઘોડેસવારી શીખવા માટે આવી. સોશિયલ મીડિયા મેસેજ દ્વારા યુવતીએ સૌથી પહેલા એક યુવા આઈપીએસ ઓફિસરનો સંપર્ક કર્યો. ધીમે ધીમે નિકટતા વધી તો યુવતીએ આઈપીએસને હનીટ્રેપ કરી લીધો. એવી ચર્ચા છે*

*કે યુવા ઓફિસર પાસેથી તેણે લાખો રૂપિયા પડાવી લીધા. તે બાદ એક એક કરીને આ યુવતીએ છ આઈપીએસ ઓફિસરોને પોતાની જાળમાં ફસાવ્યા અને કરોડો રૂપિયા વસૂલ્યા. તેમાંથી ચાર આઈપીએસ ઓફિસર તો સંપૂર્ણ રીતે તેની જાળમાં ફસાઈ ગયા, જ્યારે બે ઓફિસર તેની જાળમાં ફસાતા પહેલા જ બચી નીકળ્યા.*

*કરાઈ પોલીસ એકેડેમીમાં આઠ મહિના પહેલા આ હાઈપ્રોફાઈલ હનીટ્રેપની ઘટનાની જાણ થઈ હતી. અહીં ઘણા આઈપીએસ ઓફિસરોને યુવતીએ પોતાની જાળમાં ફસાવી લીધા હતા. હનીટ્રેપ અને રૂપિયાની વસૂલી સાથે જોડાયેલા આ મામલે અંદરખાને ખૂબ ચર્ચા થઈ રહી છે, પરંતુ ફસાયેલા આઈપીએસ ઓફિસર ફરિયાદ કરવાનું ટાળી રહ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે આ અધિકારીઓના મેસેજ, ફોટો અને વીડિયો આ યુવતી પાસે છે.*

*હનીટ્રેપના આ હાઈપ્રોફાઈલ મામલામાં ફસાયેલા છ આઈપીએસમાંથી એક યુવા આઈપીએસના ઘર સુધી મામલો પહોંચ્યો. સૂત્રોએ જણાવ્યા અનુસાર હાલમાં જ લગ્નના બંધનમાં બંધાયેલા આઈપીએસ ઓફિસરે એક કરોડ રૂપિયા આપવા પડ્યા. તેમ છતાં પણ આઈપીએસ ઓફિસર ફરિયાદ નોંધાવવા માટે તૈયાર નથી.આ હનીટ્રેપમાં ૪ આઈપીએસ ફસાઈ ગયા તો બે ઓફિસરના નસીબ સારા રહ્યા. શરૂઆતમાં જ્યારે તેમને કેટલીક શંકા ગઈ ત્યારે તેમણે યુવતીથી અંતર જાળવી લીધું. આ અધિકારીઓને યુવતીના મિત્રતા કેળવવાના અંદાજથી શંકાઈ ગઈ. તે બાદ આખરે તેઓ બચી નીકળ્યા.*

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.